# મેઅરાજે રૂહ

લેખક
અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

પ્રકાશક
ખાનાએ હિકમત-ઇદારાએ આરીફ



**ᶜALLĀMAH**
**NAṢĪR AL-DĪN "NAṢĪR" HUNZĀ'Ī**

# મેઅરાજે રૂહ

લેખક

**અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

□

અનુવાદક

**અકબર હબીબ રાજન**

ISW LS
Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક

**ખાનાએ હિકમત-ઇદારાએ આરીફ**

૩-A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી-૩.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

# મેઅરાજે રૂહ

## આરંભ

**મેઅરાજની મહત્ત્વતા :** મેઅરાજ હઝરત મુહમ્મદ મુસ્તુફા રસૂલે ખુદા સરવરે અંબિયા સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમની આલિશાન રૂહાનિયત તથા નૂરાનિયત અને અલ્લાહ તઆલા સાથે સંબંધ તથા નઝદીકીને જાહેર કરે છે, એટલે ઈસ્લામ મઝહબમાં આ વિષેની હકીકતો તથા મા'રફતો જાણવાની ઘણી મહત્ત્વતા અને જરૂરત છે. કેમ ન હોય ? જ્યારે કે હુઝૂરે અકરમ (સ.અ.વ.)ની પાક–પવિત્ર અને બરકતવંતી રૂહાનિયત એવી ભરપૂર અને સંપૂર્ણ તથા સંયુક્ત મા'રફત છે કે એ જ સંપૂર્ણ મા'રફતમાં હઝરત પયગમ્બર––કૌનો મકાં––ની સઘળી સચ્ચાઈઓ તથા મા'રફતો દાખલ અને શામેલ છે; અને જ્યારે કે એ જ મા'રફત સાચા દીનની સૌથી મોટી મૂડી તથા અણમોલ ભંડાર છે. અર્થાત આ તે જ છૂપો ખજાનો છે, જેનો હિકમતસભર ઉલ્લેખ હદીસે કુદસીમાં કરવામાં આવેલ છે.

**મેઅરાજ : ખુદાવંદની નઝદીકી :** જે લોકો કુરાનની હિકમતોના પ્રકાશમાં દરેક વસ્તુની શોધ કરી શકે છે, તેઓ એ સત્યને જાણે છે કે

મેઅરાજનો હેતુ તથા અર્થ ખુદા તઆલા સાથે રૂહાની રીતે નજીક થવાનો છે; અને આ ફઝલ–રહેમત તથા માન એક પછી બીજા પગથિયે પગથિયે અંબિયા તથા ઈમામો અલેહીમુસ્સલામને મળેલ છે; અને સ્પષ્ટ છે કે રૂહાનિયત, મા'રફત તથા ખુદાની નઝદીકી કેટલાય દરજ્જાઓમાં છે, માટે મેઅરાજ પણ રૂહાનિયત અને નૂરાનિયતનાં કેટલાંય ઠેકાણાઓ ઉપર પથરાયેલી છે. માટે દરેક યોગ્ય–સંપૂર્ણ–માનવીનું રૂહાની રીતે ઊંચે ચડવું, તેની તે દરજ્જાની મંઝિલની એક મેઅરાજ છે.

કુરાનની હિકમતનો એક ખાસ ગુણ : કુરાની હિકમતનો એ અનેક ગુણોમાંનો એક ગુણ છે કે તે એક જ હકીકતને–સત્ય બાબતને જુદી જુદી ઉપમાઓમાં અને અલગ અલગ શબ્દોમાં વર્ણવે છે. જેમ કે હઝરત મૂસા (અ.સ.)ને જો કલીમુલ્લાહ (ખુદા સાથે વાતો કરનાર) કહેવામાં આવ્યા છે, તો તેનો એવો અર્થ ક્યારેય નથી થઇ શકતો કે ખુદાવંદ તઆલાથી (હમકલામ થવાનો) વાતો કરવાનો એ મરતબો ફક્ત અને ફક્ત હઝરત મૂસા (અ.સ.)ની હસ્તી સુધી મર્યાદિત હતો, બલ્કે સત્ય તો એ છે કે આ રીતે જ અન્ય કેટલાય મહાન પયગમ્બરો–અંબિયાઓનાં પણ વખાણ કરવામાં આવ્યાં છે. પરંતુ જેમ આગળ જણાવવામાં આવ્યું છે તેમ, જાહેરી રીતે ઉપમાઓ અને શબ્દોમાં તફાવત હોવાને લીધે લોકો તે અર્થને નથી સમજતા.

આ વર્ણવવાનો હેતુ એ છે કે જોકે મેઅરાજ સંપૂર્ણ દરજ્જામાં તો રહેમતે આલમ ફખ્રે નબી હઝરત આદમ (અ.સ.)ને જ મળેલ છે, છતાં તે પછીના દરજ્જાઓમાં રૂહાનિયતની હેસિયતથી સઘળા અંબિયા તથા અવલિયાને પણ શામેલ કરી લ્યે છે. એટલું જ

નહિ," પણ તેમની પાછળ પાછળ આ ફઝીલત એવા પ્રત્યેક હકીકી મોમિન માટે પણ શક્ય છે, જે હુઝૂર અકરમ (સ.અ.વ.)ના પવિત્ર ગુણ તથા સુંદર આદર્શો મુજબ દીન ઉપર અમલ કરે છે. આ સચ્ચાઇની સાક્ષીને કુરાનની આયત ૩૩/૨૧માં જોઇ શકાય છે : "(હે લોકો) ચોક્કસપણે તમારા માટે અનુકરણ કરવાને સારામાં સારો નમૂનો ખુદ અલ્લાહનો રસૂલ છે..."

મેઅરાજ અને મા'રફત : જો એ સિદ્ધાંતને માનવામાં આવે કે મેઅરાજ મા'રફતના વર્તુળની અંદર છે; અને એ પણ સ્વીકારવામાં આવે કે મા'રફત અર્થાત ઓળખાણ રૂહાનિયતના અનુભવોમાં છે, તો પછી તેનો અર્થ એમ થાય કે મેઅરાજના દરેકે દરેક બનાવો મા'રફતવાળાઓના રૂહાની અનુભવોમાંથી છે.

અલ્લાહ તઆલાની પ્રણાલિકા : અલ્લાહ તઆલાની પ્રણાલિકા તથા આદત અર્થાત (કાનૂને ઇલાહી) ખુદાઇ નિયમ સદાય એક જ રહેલો છે. "અને તું અલ્લાહના નિયમમાં કંઇ પણ ફેરફાર હરગિઝ જોશે નહિ." (૩૩/૬૨) અને ખુદાથી વિસાલ થઇ જવાનો (મળી જવાનો) રસ્તો પણ ફક્ત એક જ છે. એનો અર્થ એમ થયો કે ઇસ્લામ ~~મઝહબ~~ દીન ~~પુરાણો-જૂનો~~ છે; અને તેની કોઇ પણ વસ્તુ મૂળભૂત રીતે મહત્ત્વ મુજબ નવી નથી, માટે મેઅરાજ પહેલાંના અંબિયાઓ (પયગમ્બર મુહમ્મદ સ.અ.વ.થી પહેલાં આવેલાઓ)ના રૂહાની બનાવોમાં ગુપ્ત-છૂપાયેલી હતી; અને હઝરત ખાતેમુલ અંબિયા (સ.અ.વ.) ઉપર આવીને સંપૂર્ણપણે તે રૂહાની રીતે જાહેર થઇ. આનો અર્થ એ થયો કે કુરાનમાં અંબિયાએ કરામના આવેલા ઉલ્લેખ મારફત પણ મેઅરાજના બનાવનો ખુલાસો થઇ શકે છે. એ માટે પવિત્ર કુરાનમાં

ફરમાવેલું છે કે--

**"વ કાલ ઈન્ની ઝાહીબુન ઈલા રબ્બી સયહ્દીન**--અને (ઈબ્રાહીમે) કહ્યું કે ચોક્કસપણે હું મારા પરવરદિગાર તરફ પ્રયાણ કરનાર છું કે તે મારી રાહબરી ફરમાવશે." (૩૭/૯૯)

કુરાને શરીફની આ આયત થકી એ સત્ય સ્પષ્ટપણે પ્રકાશિત થઇ જાય છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)નું પોતાના પરવરદિગાર તરફ ચાલ્યા જવું રૂહાની રીતે વાજબી છે, શારીરિક (જિસ્માની) રીતે નહિ. એ જ રૂહાની સફરને આપણે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.)ની "મેઅરાજે રૂહ" (રૂહાની મેઅરાજ) ગણાવી શકીએ છીએ; અને અહીંથી જ હઝરત રસૂલ (સ.અ.વ.)ની રૂહાનિયતની સફર અને નૂરાનિયતની મેઅરાજની એક પ્રકાશિત સાબિતી પણ રજૂ કરી શકાય છે.

ઈસ્માઈલીયતના પ્રકાશમાં : હઝરત મૌલાના ઈમામ સુલતાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લા અલૈહીના પવિત્ર ફરમાનનો એક ખાસ ભાગ રૂહ અને રૂહાનિયતની હકીકતો વિશે છે, જેનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવાથી મોમિનો ઉપર એ હકીકત પ્રકાશિત થઇ જાય છે–જાહેર થઇ જાય છે–કે મેઅરાજ રૂહાની રીતે સામે આવી છે (મેઅરાજ એ રૂહાની અનુભવ છે). હકીમ પીર નાસર ખુશરૂના પ્રખ્યાત પુસ્તક "વજહે દીન"માં પણ આ બનાવના કેટલાય સ્પષ્ટ ઈશારાઓ મળે છે. ખાસ કરીને કલામ નં. ૧૫ની ફસલ નં. ૪માં ફરમાવેલું છે કે, "રસૂલે અકરમ (સ.અ.વ.) રૂહાની મેઅરાજના સંબંધમાં (નફસે કુલ્લી) સર્વવ્યાપક આત્માના આકાશ ઉપર સિધાર્યા હતા.

તસવ્વુફના પ્રકાશમાં : સૂફીઓના મત મુજબ પણ આ કલ્પના વાજબી અને સત્ય છે કે રસૂલે ખુદા (સ.અ.વ.)ને બાતિનનો ભેદ

ખુલવાથી અને રૂહાનિયતમાં ઊંચે જવા થકી મેઅરાજના બનાવનો અનુભવ થયો. એ માટે સરમદ કહે છે--

**આં રા કે સીર્રે હકીકતશ બાવર શુદ**
**ખુદ પહન તરાઝ પહરે પીન્હાવર શુદ**
**મુલ્લા ગોયદ કે બરસદ અહેમદ બ ફલક**
**સરમદ ગોયદ ફલક બ અહેમદ ર શુદ**

તરજુમો : જેને પોતાની હકીકત (અર્થાત તેના ઉપર થયેલી ઇનાયત તથા પોતાની જાત–વ્યક્તિત્વ–ની મા'રફત)ના ભેદની ખાતરી થઇ ગઇ, તો તે પોતે (બાતિનમાં) આ વિશાળ બ્રહ્માંડ (કાએનાત)થી પણ વધુ વિશાળ થઇ ગયો. મુલ્લા કહે છે કે અહેમદ (સ.અ.વ.) (મેઅરાજની રાત્રે) શારીરિક રીતે આસમાન પર ગયા, પરંતુ સરમદનું કહેવું છે કે આકાશ (રૂહાની રીતે) અહેમદ (સ.અ.વ.)માં પ્રવેશ અને શામેલ થઇ ગયો.

આ પુસ્તક : જેમ કે તમે જુઓ છો કે આ પુસ્તિકા ત્રણ વાતોનું મિશ્રણ છે (ત્રણ બાબતોનો સંગ્રહ છે) : ૧. મેઅરાજે રૂહ, ૨. રૂહ અને રૂહાનિયત; અને ૩. નૂરની દશા (કૈફિયત) તથા હકીકત. જોકે આ વાતો પુસ્તિકાના આ મનસૂબાના એકત્ર કરવા પહેલાં જુદા જુદા પ્રસંગોએ જુદા જુદા લખાયા હતા, જેથી સ્પષ્ટ રીતે તેમનું એકબીજા સાથે સંબંધ અને જોડાણ નથી. પરંતુ તેમ છતાં થોડુંક ધ્યાનપૂર્વક નિહાળવામાં આવે, તો જણાશે કે આ ત્રણેય વાતોનો એક જ વિષય છે; અને તે છે રૂહાનિયત. માટે આપણે એ ચોક્કસ કહી શકીએ છીએ કે આમાં સચ્ચાઇ અને હકીકતની દૃષ્ટિએ સંપૂર્ણ સંબંધ તથા જોડાણ મોજૂદ છે; અને તેઓ એકબીજાની સમજણ આપે છે તથા

અર્થ બતાવે છે.

ખાનાએ હિક્મત અને આરીફ : 'ખાનાએ હિક્મત' અને 'આરીફ' અમારા મિત્રોની બે કાર્યરત સંસ્થાઓ છે; અને સાચા અર્થમાં જોવા જાઓ, તો આ બે નહિ પરંતુ એક જ સંસ્થા છે; અને આનંદ, ખુશી તથા સદ્‌ભાગ્યની વાત છે કે અમારા મિત્રો સેવાની ધગશ સાથે અને એકતા તથા સહકારની ભાવના સહિત એક થઈને કામ કરે છે. તેઓ એ બાબતને સારી રીતે જાણે છે કે સેવાની મીઠાશ તથા ખુશી એકતા અને એકદિલી વગર નથી મેળવી શકાતી; અને ન તો તેના વગર ખુદાનો રાજીપો શક્ય છે. હું સમજું છું કે આ બંને સંસ્થાઓના માનનીય મેમ્બરોનો આ દીની અને દુન્યવી ભાઈચારો તથા સંપ ખુદાવંદી રહેમતનું એક સ્વરૂપ છે; અને ખુદા-પરવરદિગારે આલમનો શુક્ર છે આ મહાન નેઅમત માટે કે તે સર્વસત્તાધારીએ પોતાની ખાસ રહેમત થકી અમારા એ મિત્રો ઉપર નવાઝીશોનો વરસાદ વરસાવી દીધો છે, જેના થકી તેઓ પોતાના સ્વાર્થ અને મોટાઈ જેવા દુર્ગુણોથી પાક થઈ ચૂક્યા છે.

કુરાને હકીમનો એક અર્થ (તેની તારવણી) એ છે કે હકીકી મોમિનો ખુદાની નજરમાં સત્યવાદી (સિદ્દીકીઓ) અને શહીદોની જેમ છે. તેમના માટે (અલ્લાહ તઆલા) દીન અને દુનિયામાં બદલો અને નૂર આપે છે (૫૭/૧૯). આ અર્થનો ખુલાસો એ છે કે શહીદ બે પ્રકારના હોય છે : એક તેઓ કે જેઓ દીનની સંભાળ અને સલામતી તથા ઉન્નતિ અને પ્રગતિ માટે પોતાના પ્રિય પ્રાણોને કુરબાન કરી દે છે. બીજા તેઓ કે જેઓ બિલકુલ એવી જ ભાવના-જઝબો રાખે છે, પરંતુ મઝહબ તેમના પ્રાણની કુરબાનીની માગણી નથી કરતો, માટે

તેઓ બીજી મહાન કુરબાનીઓથી દીની હેતુઓને પૂર્ણ કરવામાં ગૂંથાયેલા રહે છે. આ વર્ણનથી અમારા મિત્રોની જ્ઞાંન માટેની સેવાની મોટાઇ જાહેર થાય છે.

પરવરદિગાર ! તું પોતાની અતિશય વિશાળ રહેમત થકી જુમલે જમાતને દીન અને દુનિયાનાં રક્ષણ અને સલામતી અર્પણ કર ! તું મોમિનોની સઘળી મુશ્કેલીઓ આસાન કરી દે ! તેમને સઘળી નેક કોશિશોમાં સફળતા નસીબ થાય !

અય ખુદાવંદે બરહક ! તારી અતિશય રહેમતથી એ વાત દૂર નથી કે તું અમારા મિત્રો ઉપર વધુ મહેરબાન થઇ જાય, તેમની જાન, ઓલાદ, માલ અને કમાઈમાં અનેક પ્રકારની બરકતો પેદા કરે, તેમના ઇલ્મ–જ્ઞાનમાં વધારો અને ઇબાદતમાં પ્રગતિ થાય, તેમને ઉચ્ચ હિંમતવાળા અને મહાનતાના દરજ્જા મળે; અને આ જગત તથા આખેરતની રહેમતો તથા બરકતોથી તેઓ માલામાલ થઇ જાય !

શુક્રવાર, ૩ શાબાન, ૧૩૯૯ — ફક્ત ઇલ્મ–જ્ઞાનનો સેવક,
૨૯ જૂન, ૧૯૭૯ — **નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

## પ્રકરણ ૧
# મેઅરાજે રૂહની દલીલો

મેઅરાજનો શાબ્દિક અર્થ છે : ઊંચાઇ, ઉપર ચડવું, સીડી અને નિસરણી; અને પ્રચલિત રૂઢિ મુજબનો અર્થ છે : હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ની મેઅરાજ, જે તેમને નબુવ્વતના બારમા વર્ષમાં થઇ હતી, જેમાં હુઝૂરે અકરમ (સ.અ.વ.) સર્વવ્યાપક રૂહ (રૂહે કુલ્લી)ના આકાશ પર સિધાર્યા હતા.

મજકૂર બનાવ વિશે બે પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ કાયમ કરવામાં આવ્યાં છે. અર્થાત મઝહબના વિદ્વાનો (ઉલેમાએ દીન)ના એક વર્ગનું કહેવું છે કે હઝરત મુહમમદ મુસ્તુફા ખાતેમુલ અંબિયા સલ્લમની મેઅરાજ શારીરિક રીતે થઇ હતી; અને તેઓ પોતાના પવિત્ર શરીર સહિત આ જાહેરી અને શારીરિક આકાશ ઉપર ગયા હતા. બીજા વર્ગના લોકોનો વિશ્વાસ છે કે હઝરત રસૂલ (સ.અ.વ.)ની આ મેઅરાજ શારીરિક નહોતી, પરંતુ રૂહાની હતી; અને તે વિશે મારો વ્યક્તિગત મત પણ એમ જ છે, માટે મેઅરાજે રૂહ વિશે નીચે જણાવ્યા મુજબ અમુક સચોટ દલીલો રજૂ કરવામાં આવે છે :

**દલીલ ૧ :** તમે સૂરએ મઆરિજ (૭૦)ની પ્રથમ ચાર આયતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો. મજકૂર આયતોના પ્રકાશમાં તમે આ સંબંધિત હકીકતનો ખૂબીપૂર્વક અનુભવ કરશો કે મહાન ખુદાપાક કે

જે સીડીઓ (અર્થાત દરજ્જાઓ)નો માલિક છે, તેની સેવામાં (હજૂરમાં)ની ઊંચાઇ તરફ ફક્ત ફરિશ્તાઓ અને રૂહો ચઢે છે. આ આયતોમાં એક બાજુએ શબ્દ મેઅરાજના બહુવચન મઆરિજનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે; અને બીજી બાજુએ ઇશારો ફરમાવવામાં આવ્યો છે કે મજકૂર મેઅરાજો અર્થાત રૂહાનિયતના દરજ્જાઓ ઉપર ફક્ત ફરિશ્તાઓ અને રૂહો ચઢી શકે છે.

**દલીલ ૨ :** સૂરએ સિજદા (૩૦)ની આયત નં. (૫)માં ફરમાવેલું છે કે ખુદા તઆલા જ આકાશથી પૃથ્વી સુધીની (સઘળી) બાબતો (રૂહ)ની વ્યવસ્થા કરે છે, પછી દરેક બાબતો (રૂહ) તેની જ હજૂરમાં ઉપર ચઢી જશે. જેનો હેતુ છે કે રૂહ જ આકાશથી પૃથ્વી ઉપર ઊતરે છે અને રૂહ જ આકાશ ઉપર ચઢી જાય છે; અને આ આકાશનો હેતુ છે રૂહાનિયતનું આકાશ.

**દલીલ ૩ :** કુરાને હકીમ (૧૫/૧૪-૧૫)માં ફરમાવેલું છે કે, "અને જો અમે તેમના ઉપર આકાશનો એક દરવાજો પણ ઉઘાડી દઈએ; અને એ લોકો દિવસના સમયે-આખો વખત તે દરવાજા મારફત (આકાશ ઉપર) ચઢી પણ જાય, તો પણ એ જ કહેશે કે હોય ન હોય, અમારી નજરબંદી (આંખોને મદભરી) કરી દેવામાં આવી છે (અથવા તો) અમારા ઉપર જાદૂ કરવામાં આવ્યું છે." મજકૂર પવિત્ર આયતથી જ્ઞાનીઓ-સમજદાર લોકો માટે સ્પષ્ટ છે કે રૂહાની રીતે લોકોનું રૂહાનિયતના આકાશ પર ચઢવું શક્યતામાંથી છે, પણ ફક્ત તે સ્થિતિમાં કે જ્યારે ખુદા તઆલા રૂહાનિયતનો દરવાજો ખોલી દે; કારણ કે જો આ વાત આ જાહેરી અને ભૌતિક આસમાન સંબંધે હોત તો દરવાજાનો અને તેને ખોલવાનો ઉલ્લેખ જ ન હોત, કેમકે આ

જાહેરી આસમાનનો કોઇ દરવાજો નથી, ત્યાં તો લોકો પોતે જ જવા લાગ્યા છે.

આ આયતે કરીમામાં રૂહાની પ્રકારની તે શક્ય સ્થિતિનું વર્ણન થયું છે કે જેમાં અમુક માણસો ઉપર કોઇ પણ તૈયારી વગર અર્થાત અભ્યાસ (પ્રેક્ટિસ) કર્યા વગર અચાનક રૂહાનિયત પ્રગટ થાય છે, જેનો અનુભવ તેમની આંખો સહન નથી કરી શક્તી. તે વ્યગ્ર થઇને અને મૂંઝાઇને અનાયાસે એમ કહી ઊઠે છે કે કોઇએ તેમના ઉપર જાદૂ કર્યું છે.

**દલીલ ૪ :** સૂરએ ફાતિર (૩૫)ની દસમી આયતમાં ફરમાવેલું છે કે, "પવિત્ર કલેમા (શુભવાણી) તે (ખુદા)ની જ તરફ ચઢે છે; અને સત્કાર્યો તે (શુભવાણી)ને (ત્યાં સુધી) ઊંચે ચઢાવે છે." ખુદાના આ ફરમાનથી જાણાય છે કે માનવીની શુભવાણી અને તેનાં નેક કાર્યો જ ખુદાની નજીક–ખુદાની હજૂરમાં પહોંચી શકે છે, જેનો હેતુ (અર્થ) રૂહ છે, ન કે શરીર.

**દલીલ ૫ :** સૂરએ બની ઇસ્રાઇલ (૧૭)ના આરંભમાં ફરમાવવામાં આવ્યું છે કે, "તે ખુદા પાક અને પવિત્ર છે કે જે રાતોરાત પોતાના બંદા (મોહમ્મદ સ.અ.વ.)ને મસ્જિદુલ હરામ (બયતુલ્લાહ)થી મસ્જિદે અકસા (બયતુલ મુકદ્દસ) તરફ લઇ ગયા, જેની આસપાસ (ની ભૂમિ)ને અમોએ બરક્તવાળી બનાવી છે, જેથી અમે તેને અમારી નિશાનીઓમાંથી કેટલીક દેખાડી દઇએ." (૧૭/૧) મજકૂર પવિત્ર આયતમાં હઝરત રસૂલ (સ.અ.વ.)ની મેઅરાજનો ઉલ્લેખ છે, જેની તાવીલ (ગૂઢાર્થ) એ છે કે ઝીક્ર અને ઇબાદત તથા રૂહાનિયતના ભેદ ખુલવાનો ઉત્તમ સમય રાતનો છે; અને ખાસ કરીને રાતનો

પાછલો (બીજો) ભાગ છે, તો હઝરત રસૂલ (સ.અ.વ.) રાબેતા મુજબ ખુદાના ઝીકરમાં તલ્લીન હતા, ત્યારે મોટા પ્રમાણમાં રૂહાનિયતનો ભેદ તેમના ઉપર ખુલ્યો અને ગૈબ (અદૃશ્ય) જગતનો પડદો સામેથી હટી ગયો; અને આ બનાવ તેઓ (સ.અ.વ.) સાથે એ વખતે બન્યો કે જ્યારે આપ હઝરત (સ.અ.વ.)ને શરૂઆતના ઈસ્મે આઝમ (મસ્જિદુલ હરામ)થી બીજા પ્રકારના ઈસ્મે આઝમ (મસ્જિદે અક્સા) સુધી લઈ જવામાં આવ્યા, જેમાં ઉચ્ચ કક્ષાની બરકતો અને કુદરતની નિશાનીઓ હાજર હતી. આ સઘળું હઝરત (સ.અ.વ.)ના પ્રકાશિત હૃદય (દિલ) અને પવિત્ર રૂહમાં બન્યું, જેનો આ જાહેરી આંખો સાથે (દુન્યવી દૃષ્ટિ સાથે) કોઈ સંબંધ નથી.

**દલીલ ૬ :** કુરાને હકીમના સૂરહ ૫૧ની આયત ૨૦-૨૧માં છે કે, "અને શ્રદ્ધાળુઓ માટે આ (ભૂમિ) ધરતીમાં (ખુદાઈ કુદરતની) નિશાનીઓ મોજૂદ છે અને ખુદ તમારામાં (તમારી રૂહમા) પણ છે, છતાં તમને સૂઝતું (દિખાતું) નથી ?" એ જાણવું જોઈએ કે ખુદાવંદ તઆલાની નિશાનીઓ ધરતીમાં ભૌતિક પ્રકારે વિખરાયેલી સ્થિતિમાં છે અને ઇન્સાની રૂહોમાં રૂહાની પ્રકારે એકત્રિત સ્થિતિમાં છે. પછી જે નિપુણ (સંપૂર્ણ) મનુષ્ય બાતિનની દૃષ્ટિ વડે ખુદાની તે નિશાનીઓનું નિરીક્ષણ કરતો હોય (ધ્યાનથી નિહાળતો હોય) કે જે તેના પોતામાં (તેની જાતમાં) છૂપાયેલી અને એકત્રિત છે, તો તેને અન્ય ક્યાંય જવાની જરૂરત નથી પડતી; તો હઝરત રસૂલ (સ.અ.વ.)એ પોતાની રૂહાની મેઅરાજના વખતે બ્રહ્માંડ (જગત) અને તેમાં મોજૂદ દરેક વસ્તુઓની નિશાનીઓનું નિરીક્ષણ પોતાની બરકતવંતી હસ્તીમાં જ (પોતાની અંદર જ) કર્યું.

**દલીલ ૭ :** સૂરએ નૂર (૨૪)ની આયત નં. (૩૫)માં ફરમાવેલું છે કે, "અલ્લાહતઆલા આકાશ તથા પૃથ્વી (જમીન)નો નૂર (પ્રકાશ) છે." માટે રસૂલે ખુદા (સ.અ.વ.)ને મેઅરાજની રાત્રિએ હક્તઆલા (ખુદા)ના એ મહાન–પવિત્ર નૂરની અત્યંત નજદીકી પ્રાપ્ત થઇ, જેના પ્રકાશમાં હુઝૂર (સ.અ.વ.)એ બાતિનની આંખોથી આકાશ અને પૃથ્વીની અજાયબીઓને નિહાળ્યા (જોયાં) અને અલ્લાહતઆલા સાથે વાતો કરી; અને જે કંઇ આયતમાં તથા હદીસોમાં સત્ય છે, તે મુજબ જ બનાવો બન્યા, પરંતુ તે રૂહ તથા રૂહાનિયતમાં બન્યા.

**દલીલ ૮ :** સૂરએ શૂરા (૪૨)ની આયત ૫૧–૫૨માં આ સત્ય બાબતની–હકીકતની–સાક્ષી આપેલી છે (સાબિતીઓ મોજૂદ છે) કે, "કોઇ માનવી માટે એ શક્ય નથી કે ખુદા તેની સાથે વાતો કરે, સિવાય કે વહી મારફત (જેમાં ખુદાનું નૂર પોતે વહી અર્થાત ઇશારા ફરમાવે છે) અથવા પડદા પાછળથી (ખુદા વાતો કરે) અથવા કોઇ ફરિશ્તો મોકલીને, પછી તે ફરિશ્તો ખુદાના હુકમ તથા ઇચ્છા મુજબ વહી કરે છે." આ થકી જાણાય છે કે પયગમ્બરો અલૈહીમુસ્સલામનો ખુદાની સાથે વાતો કરવાનો અથવા વહી મેળવવાનો આ જ પ્રકાર છે; અને આ જગતમાં જ સર્વ કાંઇ થયું–બન્યું છે, જેમાં મેઅરાજ પણ શામેલ છે; અને ખુદાની નિકટતા તથા નજદીકીના જુદા જુદા દરજ્જાઓ પણ છે.

એ જાણવું ખૂબ જ જરૂરનું છે કે ઉપર જણાવેલી કુરાનની આયતોમાંના ફરમાનો રૂહ અને રૂહાનિયતનો એક એવો પૂર્ણ સિદ્ધાંત છે, જે ખાસ વહી (મુખાતિબ–એ–હિજાબ) પડદા પાછળથી સંબોધન કરવું; અને (આમ વહી) સામાન્ય વહી સિવાય પ્રેરણા વગેરે

જેવા ઈલાહી હિદાયતના સઘળા દરજ્જાઓથી ભારી છે અને તે સર્વેને ઘેરી રાખેલ છે; અને સ્પષ્ટ છે કે એ સિદ્ધાંત જેમાં રૂહાનિયતના દરેક દરજ્જાઓ સમાયેલા છે, દરેક અંબિયા અલૈહીમુસ્સલામની વચ્ચે સમાન છે. જો આપણી દૃષ્ટિ હકીકત (સત્ય)ના તળિયા સુધી (ઊંડાણ સુધી) નહિ પહોંચી શકતી હોય, તો તે એક જુદી વાત છે; નહિ તો માનવું પડશે કે મજકૂર હિકમતસભર આયતો મુજબ માનનીય અંબિયાઓ અલૈહીમુસ્સલામની રૂહાનિયતનો સૌથી ઉચ્ચતમ દરજ્જો એ છે કે જેમાં તેમને ખુદાનું નૂર પડદા વગર (બેહિજાબ) વહી ફરમાવે છે. બીજો દરજ્જો એ છે કે જેમાં ખુદા તઆલા પડદા પાછળથી સંબોધન કરે છે; અને ત્રીજો દરજ્જો કોઈ ફરિશ્તાને મોકલીને વહી કરવાનો છે; અને એ સઘળા દરજ્જાઓ હઝરત રસૂલ (સ.અ.વ.)ની રૂહાનિયતની મેઅરાજમાં સમાયેલા છે; અને એ જ દરજ્જાઓ સંબંધે આપ હઝરત (સ.અ.વ.)ને એક નહિ, અનેક મેઅરાજો થઈ હતી.

**દલીલ ૯ :** ઉપર જણાવેલી આયત અર્થાત સૂરએ શૂરાની આયત ૫૧ પછી એ જ અર્થ ધરાવતી આયત નં. ૫૨માં આ ફરમાવેલું છે : "અને એવી જ રીતે અમોએ અમારા હુકમથી તમારા તરફ એક રૂહ વહી દ્વારા મોકલી (આ કુરઆન તારી પાસે વહી મારફત મોકલ્યું)." આનો સ્પષ્ટ અને સાફ અર્થ એ છે કે જે પવિત્ર રૂહની રૂહાનિયતમાં નબુવ્વત અને રિસાલતનાં ઉપર જણાવેલા ત્રણ મોટા દરજ્જાઓ છૂપાયેલા હતા, તે રૂહ હુઝૂર (સ.અ.વ.)ની તરફ વહીના પ્રકારમાં મોકલી દેવામાં આવી. આ રૂહ બીજા શબ્દોમાં એક નૂર હતું, જેની જિવંત અને બોલતી રૂહાનિયત અને નૂરાનિયતમાં હુઝૂર (સ.અ.વ.)એ મેઅરાજે રૂહના સઘળા દરજ્જાઓને પાર કરી લીધા હતા.

**દલીલ ૧૦ :** સૂરએ નજમના પ્રારંભમાં જ છે કે, કસમ છે તે સિતારાની જ્યારે કે તે ઊતર્યો. (અર્થાત કસમ છે પવિત્ર રૂહની જ્યારે કે તે આપ હઝરત (સ.અ.વ.)ની પવિત્ર જાતમાં અને તેમના વારસ (તેમના વસી) બરહક્કના બાતિનમાં નાઝિલ થઇ.) તમારો સાથી (મુહમ્મદ સ.અ.વ.) ન માર્ગથી ભટક્યો અને ન ભ્રમિત થયો. (અર્થાત જ્યારે આપ હઝરત સ.અ.વ. ઉપર એક મહાન રૂહ નાઝિલ થઇ; અને આપ રૂહાનિયતના માર્ગ ઉપર ચાલી નીકળ્યા, તો આપ સ.અ.વ. તે માર્ગ ઉપર એવી મજબૂતીથી ચાલ્યા કે આપનું કોઇ પગલું ભૂલભરેલું–ખોટું ન પડ્યું.) અને તે પોતાના મનના ઇરાદાથી કાંઇ નથી બોલતો. (અર્થાત રૂહાનિયતની મંઝિલો સર કર્યા પછી આપે રિસાલતની તબ્લીગ (દાવત)નું કામ શરૂ કરી દીધું.) સિવાય કે જે વહી તેમના તરફ મોકલવામાં આવી. (અર્થાત હુઝૂર સ.અ.વ. આ રિસાલતના કામમાં જે કંઇ પણ બોલે છે તે વહી થકી છે; અને વહી તે જ મહાન રૂહ મારફત છે, જે તેઓમાં મોકલવામાં આવી હતી.) તેને ખૂબ સખત તાકતવાળા અને ઉચ્ચ બુદ્ધિ–અક્કલ–વાળા (ખુદા)એ શીખવ્યું છે, પછી તે (રૂહાનિયત ઉપર) કાબૂ પામી ગયો; અને આકાશમાં (રૂહાનિયતના) સૌથી ઊંચા કિનારા ઉપર હતો. (અર્થાત આપ સ.અ.વ. તે પછી સર્વવ્યાપક રૂહના આકાશ ઉપર પહોંચી ગયા.) પછી તે નિકટ થયો (અર્થાત ખુદાના નૂરની તરફ) પછી માર્ગ બનાવવામાં આવ્યો (અર્થાત આપ સ.અ.વ.ને જ્ઞાન અને હિકમતનાં મોતી દેખાડવામાં આવ્યાં.) પછી બે કમાનો જેટલું અંતર રહી ગયું કે તેથી પણ વધુ નિકટ. પછી અલ્લાહ તઆલાએ પોતાના બંદા તરફ (પડદા વગર) તે વહી કરી, જે કંઇ વહી કરવી હતી. ખોટું નથી બોલ્યો, જે કંઇ પણ દિલે

(મેઅરાજમાં) જોયું (અર્થાત આપ હજરત સ.અ.વ.)ની મેઅરાજના સઘળા બનાવો તથા મોઅજિઝાઓ આપને બાતિનમાં જણાયા હતા--અનુભવ થયા હતા--માટે આપના મુબારક હૃદયે-દિલે જે કંઇ જોયું હતું, તે વિશે મંજૂરી અને ખાતરી કરી.)

અત્રે એ જણાય છે કે હઝરત રસૂલ (સ.અ.વ.)ની મેઅરાજ શારીરિક નહોતી, રૂહાની હતી. જેમ કે ઉપર ઉલ્લેખ થયેલી આયત થકી સ્પષ્ટ છે; અને ખાસ કરીને જે આ ફરમાવવામાં આવ્યું કે, "દિલે જે કંઇ જોયું હતું, તે વિશે ખોટું નથી બોલ્યો."

**દલીલ ૧૧ :** કુરાને હકીમની ઘણીય આયતોથી સ્પષ્ટ છે કે ખુદા ઇન્સાનની ઘણો જ નજદીક છે; અને આ વાત (સ્થાનિક) જાહેરી નજદીકીની નથી, પરંતુ કુદરતની પહોંચ અને માનવીના દરજ્જાના સંબંધે છે. માટે આ હુકમ સૌથી પહેલાં (ઇન્સાને કામિલ) સંપૂર્ણ માનવીને લાગુ થાય છે. અર્થાત પયગમ્બર (સ.અ.વ.) પોતાના દિલ મુબારકમાં જ ઇલાહી નૂરની તજલ્લીઓનો અનુભવ કરે છે; અને મેઅરાજ આવા અનુભવોથી જુદી નથી.

**દલીલ ૧૨ :** હદીસે કુદસીમાં છે કે મોમિન બંદાનું દિલ અલ્લાહ તઆલાનું તખ્ત છે. જો સત્ય વાત-હકીકત એમ જ છે, તો સૌથી પ્રથમ અને સૌથી ઉત્તમ પ્રકારે આપ હઝરત (સ.અ.વ.)નું મુબારક દિલ અર્શે ઇલાહી એટલે કે ખુદાનું તખ્ત હતું; અને સાફ વાત છે કે જ્યાં (અર્શ) તખ્ત ઉપર ખુદા છે ત્યાં મેઅરાજ પણ થાય છે.

**દલીલ ૧૩ :** કુરાની હિકમત ઉપર આ વચન (કૌલ) આધાર રાખે છે કે અલ્લાહ તઆલાનું પવિત્ર નૂર જગતમાં સદાય જાહેર છે; અને તેના જાહેર થવાનું સ્થળ અંબિયા (નબીઓ) તથા તેના વસી, તેના

વારસદાર (અર્થાત ઈમામ) અલૈહીમુસ્સલામની પવિત્ર પરંપરા છે, માટે આપ હઝરત (સ.અ.વ.) પોતાના સમયમાં ખુદાના નૂરનું જાહેરી સ્વરૂપ (મઝહર) હતા. આ અર્થમાં જ્યારે એ હકીકત પ્રકાશિત સચ્ચાઈની જેમ સ્પષ્ટપણે જાહેર છે કે આપ હઝરત (સ.અ.વ.)ને આ ધરતી–આ પૃથ્વી ઉપર જ ખુદાના નૂરથી ખૂબ જ નિકટતા અને નજદીકી મળી હતી. તો એ હુકમ ખાતરીપૂર્વકનો છે કે આપ હઝરતની નબુવ્વત અને મેઅરાજની સંપૂર્ણ (પૂરેપૂરી) ગુપ્તતા (રહસ્ય) એ નૂરે ખુદાવંદીથી જુદાં નહોતાં, જે નૂર હુઝૂર (સ.અ.વ.)ની મુબારક અને પવિત્ર પેશાની (કપાળ)માં હતું.

**દલીલ ૧૪ :** કુરાને હકીમ મારફત એ અર્થ સ્પષ્ટ થાય છે કે તે મહાન અલ્લાહે પોતાની રૂહ હજરત આદમ (અ.સ.)માં ફૂંકી દીધી હતી, જેનો હેતુ તે નૂરે ઈલાહીથી છે કે જે નીતિ અને હિદાયત, જ્ઞાન અને હિક્મત તથા નબુવ્વત અને ઈમામતનું મૂળ છે, જેમાં રૂહાનિયતનાં રહસ્યો તથા અજાયબીઓ અને નૂરાનિયતના મોઅજિઝાઓ છૂપાયેલા છે; અને એ જ રૂહે ઈલાહી અર્થાત નૂરે ખુદાવંદી (ખુદાનું નૂર) પોતાના સઘળા ગુણો તથા પોતાની સઘળી ખૂબીઓ સહિત હઝરત રસૂલ (સ.અ.વ.)માં મોજૂદ હતું. આ રીતે જણાય છે કે મેઅરાજના સઘળા બનાવો રૂહાની પ્રકારના હતા, જે બીજા અંબિયાઓને પોતાના પવિત્ર બાતિનમાં જ તેનો અનુભવ થયો હતો.

**દલીલ ૧૫ :** પ્રત્યેક તે માનવીની કે જેના હોશ–અક્કલ બરાબર હોય, તેની પોતાની ચાર દુનિયાઓ છે : જાગૃત દુનિયા, ખયાલ (વિચાર)ની દુનિયા, સ્વપ્નની દુનિયા અને રૂહાની દુનિયા. એક સામાન્ય

માનવી જાગૃત દુનિયા સિવાય વિચારોની દુનિયા તથા સ્વપ્નની દુનિયાને પણ કબૂલ કરી શકે છે, પરંતુ રૂહાનિયતની દુનિયા કે જેને સખત અભ્યાસ તથા ઈબાદત કર્યા પછી કોઇ ખાસ બંદો અનુભવી શકે છે, તે આ ત્રણે દુનિયાથી ઉચ્ચતર છે, કેમકે તે એ ત્રણેને ઘેરી લેનાર (ત્રણે ઉપર અસર ધરાવનાર) અને સંપૂર્ણ છે. તે આ જાહેરી દુનિયાની જેમ જીવંત તથા જાગૃત પણ છે, બલ્કે તેથી કેટલાય દરજ્જા વધુ પ્રકાશિત અને અતિશય સુંદર અને મનમોહક છે. ફિકર અને વિચારની દુનિયાની જેમ આમાં વિચારવાની પણ સ્વતંત્રતા માણ છે અને સ્વપ્નની દુનિયાની જેમ નિઃસહાયતા (બેકાબૂપણું) પણ છે. આ રીતે અંબિયા અને ઈમામો અલૈહીમુસ્સલામનું રૂહાની જગત પોતાની અસલ સ્થિતિમાં (મૂળ હાલતમાં) તેઓ ઉપર ખુલ્લું અને જાહેર થાય છે; અને તે સ્થિતિમાં જ એ સઘળા બનાવો બને છે, જેનો ઉલ્લેખ કુરાને હકીમમાં કરવામાં આવેલ છે.

**દલીલ ૧૯ :** માનવીની હસ્તી તથા તેનું વજૂદ (તેનું જાહેરમાં હોવું) શારીરિક રીતે (દૃશ્યમાન) દેખાય તેવું છે; અને રૂહાની રીતે અદૃશ્ય–લામકાન–છે; અને જોકે અલ્લાહ તઆલા દૃશ્યમાન અને અદૃશ્ય અર્થાત મકાન અને લામકાન બંને પરિસ્થિતિ કરતાં વધીને છે, પરંતુ તેની (ખુદાની) નિકટતા–નજદીકી શારીરિક રીતે શક્ય નથી, પણ રૂહાની રીતે શક્ય છે. અર્થાત ખુદાની હુઝૂરમાં પહોંચવા માટે એક જગ્યાથી બીજી જગ્યાએ જવું નથી પડતું, પરંતુ દિલ (રૂહ)માં જ અદૃશ્ય રીતે ખુદાની અત્યંત નિકટતા પ્રાપ્ત થઇ શકે છે, તો આપ હઝરત (સ.અ.વ.)ની સાથે કે જેઓ એક સંપૂર્ણ માનવી હતા (સર્વજ્ઞાન ધરાવનાર મનુષ્ય હતા) એમ જ થયું હતું કે આપ હઝરત (સ.અ.વ.)ના મુબારક દિલમાં

નબુવ્વત તથા રિસાલત અને મેઅરાજને લગતી સઘળી વાતો વહી કરી દેવામાં આવી.

આ વિષયનો ખાસ હેતુ એ જ હતો કે મેઅરાજે રૂહની હકીકત વિશે અમુક સચોટ દલીલોનું વર્ણન કરવામાં આવે કે જેથી મોમિનોને એ વિશ્વાસ થઇ જાય કે હુઝૂરે અનવર (સ.અ.વ.) રહેમતુલ લીલ આલમીન હોવાને કારણે રૂહાનિયત અને નૂરાનિયતના એક મહાન જ્ઞાની–આલિમ–હતા; એક એવા જ્ઞાની કે જેમાં સર્વ કાંઇ મોજૂદ હતું અને તેનાથી કોઇ વસ્તુ ખાલી–જુદી થયેલી–નહોતી.

વસ્સલામ !

□ ✱ □

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# પ્રકરણ બીજું
# રૂહ અને રૂહાનિયત

ઉત્તમ એ હશે કે આપણે આજની મજલિસમાં રૂહ અને રૂહાનિયત વિશે કંઇક મૂળભૂત તથા ખાસ પ્રકારની વાતો કરીએ. કારણ કે રૂહ અને રૂહાનિયત દીને ઇસ્લામમાં સૌથી મોટો અને અતિ મહત્ત્વનો વિષય છે, એ માટે કે પોતાની મા'રફત અર્થાત ઇન્સાનની પોતાની ઓળખ થકી જ મા'રફતે ખુદાવંદી મળે છે કે જે જ્ઞાન તથા કાર્ય (ઇલ્મ અને અમલ)નું સફળ પરિણામ તથા દીનનો સૌથી છેવટનો હેતુ છે.

**એક (સંપૂર્ણ)માં સઘળું :** જ્યારે ખરેખર એ બાબત છે કે (રબ્બુલ ઇઝ્ઝત) ખુદાવંદ તઆલાની ઓળખ–મા'રફત–નો અમૂલ્ય ભંડાર તેની અમાપ, અનંત અને અમર દૌલત માનવીની પોતાની મા'રફતમાં છૂપાયેલાં છે; અને તે અસલમાં રૂહની મા'રફતને દિલની દૃષ્ટિથી જોવાનું અને સંપૂર્ણપણે ઓળખવાનું નામ છે, તો પછી રૂહ અને રૂહાનિયતની તરફ વધારેથી વધારે ધ્યાન કેમ ન દેવામાં આવે ? જ્યારે કે આ મહાન કામ એક એવો વિશાળ અને એકમાં સઘળી બાબત સમાવનાર વિષય છે કે જેમાં દીનના સઘળા વિષયો પોતે જ (મર્યાદિત થઇ જાય છે) સમાઇ જાય છે, કેમકે ખુદા તઆલાની મા'રફતમાં સઘળી વસ્તુઓ સમાયેલી છે અથવા એમ ક્હેવું જોઇએ કે (રબ્બુલ ઇઝ્ઝત) ખુદાની મા'રફત એવો વિષય છે કે જે સઘળા વિષયો ઉપર છવાયેલો અને સાદો–સ્પષ્ટ–છે, તેથી જ મારું ક્હેવું છે કે રૂહ અને રૂહાનિયતના વિષય તરફ ધ્યાન દેવાની સખત જરૂરત છે.

હઝરત મૌલાના અમીરુલ મોઅમેનીન અલી અલૈહીસ્સલામનું ફરમાન છે કે, "જેણે પોતાના રૂહની મા'રફત મેળવી લીધી, તેણે ખાતરીપૂર્વક પોતાના પરવરદિગારની મા'રફત મેળવી લીધી." વળી ફરમાવ્યું કે, "તમારામાંથી જે શખ્સ પોતાના રૂહને સૌથી વધુ ઓળખે છે, તે જ પોતાના પરવરદિગારને સૌથી વધુ ઓળખે છે." પરંતુ મા'રફત રૂહાનિયતની ઘણીબધી સ્થિતિઓ-દશાઓ-થી આગળ પસાર થઈને અસલથી વાસલ થઈ જવા પછી સંપૂર્ણ થાય છે, માટે ખુદાની ઓળખનો આ અતિશય ઉચ્ચ મરતબો કોઈને પોતાના વ્યક્તિગત પ્રયત્નોથી પ્રાપ્ત નથી થઈ શકતો, જ્યાં સુધી કે આ નાજુક અને મુશ્કેલ રસ્તા ઉપર કાબૂ રાખનાર બરહક (ખુદા તઆલા)ની (દસ્તગીરી) સહાય અને માર્ગદર્શન તથા હિદાયત ન મળે, કેમકે મા'રફત મોમિનની મઝહબી જિંદગીનું સૌથી મોટું પરાક્રમ છે, જે ખુદા અને રસૂલ તથા ઈમામે ઝમાન (અ.સ.)ની પવિત્ર હિદાયત થકી જ પૂર્ણ થઈ શકે છે.

**સિરાતે મુસ્તકીમ અને મા'રફત :** જે રીતે આ એક પ્રકાશિત-સર્વમાન્ય અને અખંડ સત્ય છે કે ઈસ્લામનું બીજું નામ સિરાતે મુસ્તકીમ છે; અને આ સિરાતે મુસ્તકીમની કલ્પનામાં મા'રફત નું સ્થાન સૌથી છેવટમાં આવે છે, જેમ કે શરીઅત, તરીકત, હકીકત અને મા'રફત ; તે જ રીતે માનવીની પોતાની ઓળખ (જેમાં કે ખુદાની ઓળખનો ભંડાર છૂપાયેલો છે) દીનના રસ્તાની છેલ્લી દશામાં છે-છેલ્લા સ્ટેજ ઉપર છે, જે મા'રફતનું સ્થળ છે; અને આ ધારેલી મંઝિલ સુધી મોમિન બંદો હકીકી જ્ઞાન અને નેક આમાલ દ્વારા પહોંચી શકે છે અથવા એમ કહેવું જોઈએ કે સીધો રસ્તો કે જે મુસલમાનો તથા મોમિનો માટે તાબેદારી અને ફરમાનબરદારીનો જ

રસ્તો છે, તે ઉપર ઈમાન રાખનાર બંદો જ્ઞાન અને આમાલના વસીલા–સહાય–થી પગથિયે પગથિયે આગળ વધી શકે છે, તે એટલે સુધી કે તેનું બાતિન નૂરે મા'રફતના સિંચનથી સંપૂર્ણપણે પ્રકાશિત થઇ જાય.

**અનુભવ અને મા'રફત :** એ જ પ્રમાણે જ્યારે કોઇ હકીકી મોમિન મા'રફતના મુકામ સુધી પહોંચે, તો તે વખતે તે બાતિનની આંખોના અનુભવોના પરિણામથી ન ફક્ત પોતાની જાતની હકીકતને ઓળખે છે, પરંતુ તેની સાથે સાથે પોતાના પરવરદિગારને પણ ઓળખે છે. જાહેરી રીતે તો મા'રફત જોકે એક જ શબ્દ છે, જેનો ભાષાકીય અર્થ થાય છે ઓળખ. પરંતુ તે પોતાના હકીકી અર્થ તથા હિકમતોને લીધે એવી ઉચ્ચ શક્તિશાળી અને એટલી તેજસ્વી–ભભકાદાર છે, તેની સંપૂર્ણ અર્થસભર શક્તિમાં જગત અને બ્રહ્માંડની સઘળી હકીક્તો અને મા'રફતો સમાઇ જાય છે. પરંતુ એ અફસોસની વાત છે કે બહુ જ ઓછા લોકો મા'રફતના વર્તુળને–તેના અર્થ અને હેતુને સમજે છે, જોકે મા'રફતમાં સઘળું જ છે.

**નૂરે મા'રફત :** મા'રફત એક નૂરના સમાન છે; અને આ એ જ આદિ નૂર છે જે સદાકાળથી મોજૂદ છે, જેનાં ઘણાં નામો છે––જેમ કે નૂરે ઇલાહી, નૂરે કુરાન, નૂરે ઇસ્લામ, નૂરે નબુવ્વત, નૂરે ઈમામત, નૂરે ઈમાન, નૂરે અલયહાન, નૂરે મોમેનીન વિગેરે. વળી તમે જરા વિચાર અને ફિકર કરીને જુઓ કે નૂરે મા'રફત શું નથી ? તે તો સર્વ કાંઇ છે, કેમકે તે અલ્લાહ તબારક વ તઆલાનું નૂર છે; અને તે માટે જ તે સર્વવ્યાપક નૂર છે, જેના પ્રકાશમાં ખુદા અને ખુદાઇ ભેદ આરીફો (ખુદાની ઇબાદત કરનારાઓ) ઉપર જાહેર થાય છે. આદિ અને અનાદિ

(અઝલ અને અબદ) બંનેની હકીકતોનાં જીવંત અને સાફ નિશાનો જરાયે વધઘટ વિના સામે આવે છે. લોહ–કલમની ઓળખ પ્રાપ્ત થાય છે. મલાયકોની ઓળખ થઇ જાય છે. કાએનાત સર્જવાનાં ભેદની જાણકારી તથા અગમ દૃષ્ટિ મળે છે. અંબિયા તથા ઇમામો અલૈહીમુસ્સલામના મોઅજિઝાઓ તથા કરામતોની અમલી રીતે જાણકારી થાય છે. 'વહી' જેવી ઉચ્ચથી ઉચ્ચતર હકીકતનો અનુભવ થાય છે. જિબ્રાઇલ, મિકાઇલ, ઇસરાફીલ અને ઇઝરાઇલ અલૈહીમુસ્સલામની ઓળખ મળે છે. ક્યામત કે જે કુરાન શરીફનો સૌથી છૂપો વિષય છે તેનો અમલી અનુભવ થાય છે. હદીસે કુદસીમાં ખુદા તઆલાએ ફરમાવ્યું છે કે, "તે એક છૂપો ખજાનો છે." તો રૂહાનિયતની મુસાફરીની હકીકતની આ શોધના પરિણામે ખુદા અને ખુદાઇ છૂપાયેલો ખજાનો મળે છે કે જેમાં સર્વ કાંઇ છે; અને તે સિવાય કંઇ નથી.

નૂરે ઇરફાન (નૂરના જ્ઞાન)નો પ્રકાશ ન ફક્ત આરીફની જિંદગી ઉપર જ પડે છે, પણ તે (આરીફ) જીવતાજીવત મૌત અને આખેરતની દુનિયાની હકીકતોથી પણ સીધેસીધો જાણકાર થઇ જાય છે. રૂહ કે જે ખુદા તઆલાની મહાન નૂરાની મખ્લૂક છે અથવા એમ કહેવું જોઇએ કે 'રૂહ' ખુદાના નૂરનું એક જીવંત અને મોઅજિઝાસભર પ્રતિબિંબ છે, તેનો વિચિત્ર પ્રકારનો અનુભવ અને દીદાર થાય છે.

રૂહાનિયતની દુનિયા કે જે આ દુનિયાથી જુદી છે, બાતિનના ભેદ ખુલ્લા કરીને સામે આવે છે, દોઝખ અને જન્નતની છૂપાયેલી વાતોના પડદા ઊપડી જાય છે; અને બાતિનની નજરોથી તેનાં દૃશ્યો જોવામાં આવે છે. ખુદાના ગુણો તથા તેના એક હોવા બાબત–ખુદાની વહેદાનિયત બાબત સંપૂર્ણ વિશ્વાસ થઇ જાય છે.

**મા'રફતના પ્રકાશમાં :** એ જાણવું જોઇએ કે મા'રફત એ નૂરાનિયતની એક એવી જીવંત કાએનાત છે કે તેનાથી કોઇ વસ્તુ જુદી નથી. એની અંદર જે કંઇ છે તે તેની રૂહ છે. બીજા શબ્દોમાં કહીએ તો મા'રફતના પ્રકાશમાં જોવાથી દરેક વસ્તુની રૂહ સ્પષ્ટ થઇ જાય છે અને સંબોધન કરવા લાગે છે, ભલે પછી તે પથ્થરની જેમ જીવ વગરની અચેતન વસ્તુ કેમ ન હોય. જેમ કે ખુદાનું ફરમાન છે કે, **"કાલુ અન્તકબલ્લાહુલ્લઝી અન્તક કુલ્લ શયઈન**--તે ચામડીઓ જવાબ આપશે કે અમને એ જ અલ્લાહે વાચાળ કરી દીધી છે કે જેણે દરેક વસ્તુને વાચા આપી છે." (૪૧/૨૧) કુરાને પાકનો આ હિકમતસભર ઇશારો મા'રફતની જ દુનિયા તરફ છે, જેની દરેક વસ્તુમાં રૂહ છે અને તે બોલી શકે છે, માટે મા'રફતના નૂરના પ્રકાશમાં દૃષ્ટિ કરવાથી જાણાય છે કે પથ્થર, માટી અને હવા જેવા ખનીજ પદાર્થો (કે જે વૃદ્ધિ નથી પામી શકતા)માં પણ રૂહ હોય છે. વનસ્પતિની રૂહ તો વૃદ્ધિ પામવાની શક્તિઓ–ગુણોથી સ્પષ્ટ છે. જાનવરોની રૂહ હોવા વિશે તો કોઇને જરા પણ શંકા નથી. ઇન્સાની રૂહ તો એક સાફ હકીકતની જેમ સર્વવિદિત છે. માટે મા'રફતની નજરમાં કોઇ એવી વસ્તુ નથી કે જેની રૂહ ન હોય, માટે એ હકીકત છે કે મા'રફતની પ્રાપ્તિ દરમિયાન સઘળી વસ્તુઓની રૂહોથી મુલાકાત અને વાતચીત થાય છે; અને તેના પરિણામે તેમની ઓળખાણના ગુપ્ત ભેદો પરથી પડદો ઉપાડી લેવામાં આવે છે; અને તેની હકીકતો સ્પષ્ટ થઇ જાય છે.

મજકૂર હકીકતો તથા તેને ઓળખનાર (મારીફ)ની સાક્ષીઓ પવિત્ર કુરાનમાં પણ મોજૂદ છે. આ માટે ફરમાવવામાં આવ્યું છે કે, "અને જો અમે તેમના ઉપર ખરેખર ફરિશ્તા પણ ઉતારી દેતે; અને

તેમની સાથે મરણ પામેલાઓ (મડદાઓ) વાતો કરતે તથા સઘળી (રૂહાની) વસ્તુઓ તેમની સામે ભેગી કરી લાવતે, તો પણ તેઓ ઈમાન લાવનાર ન હતા." (૬/૧૧૨) જાહેરી રીતે જોવાથી એમ જણાય છે કે આ કુરાની આયત એક નમૂના રૂપી છે, પરંતુ સમજનારાઓ જ સમજે છે કે આ હિકમતસભર ફરમાન ફક્ત નમૂનાની હદ સુધી મર્યાદિત નથી, પરંતુ આ એક જીવંત સત્ય તથા ખરી હકીક્ત પણ છે. આ એક બહુ અજબગજબ (ચિત્રવિચિત્ર) હકીક્ત છે કે રૂહાનિયતના જગતથી સીધેસીધો સંબંધ રાખનારા લોકોને ન ફક્ત મરણ પામેલાઓની રૂહો, ફરિશ્તાઓ, જિન્નાતો વિગેરે દેખાય છે–નજરે આવે છે–પરંતુ સાથે સાથે સઘળા જીવંત મનુષ્યો અને બધી વસ્તુઓની રૂહો સાથે પણ મુલાકાત અને વાતચીત થાય છે; અને એ સંબંધેની સૌથી મહાન હકીક્ત–સૌથી મહાન બનાવ–નૂરે ઈલાહીનો દીદાર છે.

**મા'રફતની પહોંચ :** જ્યારે એ સત્યને લગભગ દરેક જણ કબૂલ કરી લ્યે છે કે નૂરાની દીદાર અને ખુદાના મેળાપ દ્વારા ખુદાની પૂર્ણ મા'રફત (ઓળખાણ) પ્રાપ્ત થાય છે, પછી ભલે તે પવિત્ર દીદાર કે જે જલાલ અને જમાલ (તેજ અને રૂપ)ની તજલ્લીથી ભરપૂર છે, તે ખુદાનો હોય કે ખુદાના નૂરનો (કે જે તેનો ખલીફા અને પ્રતિનિધિ છે) અથવા મનુષ્યની પોતાની રૂહમાં એ મહાન શક્તિ સમાયેલી હોય (ભરેલી હોય) કે સમય આવતાં તે દરેક રીતે અને સઘળા પ્રકારે–દરેક સ્વરૂપમાં–પાક પવિત્ર ખુદાની ખિલાફત અને પ્રતિનિધિત્વ તથા નાયબપણું કરે છે. દરેક સ્થિતિમાં ખુદાનો દીદાર બરહક છે, જેમાં મા'રફત પ્રાપ્ત થાય છે, જે રૂહાનિયતના અનુભવની સૌથી મોટી સાબિતી અને સૌથી ઉચ્ચ હેતુ છે.

શું આ સત્ય પરિસ્થિતિ જાણ્યા છતાં કોઇ અમલવાળો એમ સમજી શકે છે–અનુમાન કરી શકે છે કે કોઇ જરૂરી હકીકતો મા'રફતવાળાઓની દૃષ્ટિથી સદાને માટે રિસાયેલી–છૂપાયેલી (પડદામાં) રહે છે ? આવું સમજવું કઇ રીતે વાજબી હોઇ શકે છે, જ્યારે કે અલ્લાહ તઆલાનો મુબારક મેળાપ અને તેની મા'રફત (પવિત્ર ઓળખાણ) સાબિત થયેલી છે. જોકે ખુદાવંદે બરહક સૌથી બાતિન (અંદર) અને બાતિનથી પણ બાતિન છે, છતાં પણ તે સર્વોપરિ બાદશાહ પોતાના વહાલા બંદાઓની રૂહાનિયત અને નૂરાનિયતમાં જાહેર અને શોભાયમાન થઈને પોતાની ઓળખાણની અનંત–અવિનાશી સંપત્તિ (દૌલત) અર્પણ કરે છે. શું એવામાં મા'રફતની દૃષ્ટિ અને પહોંચથી કોઇ વસ્તુ છૂપી–દૂર રહી શકે છે, જ્યારે કે સૌથી છૂપા–ગુપ્ત–ખજાનાનો ભેદ ખુલી જાય છે (સૌથી છૂપા ભંડારની ખબર પડી જાય છે) અર્થાત ખુદાની મા'રફત પ્રાપ્ત થાય છે ? જ્યારે કે તે બરકતવંત અને બુલંદ સૌથી મહાન, ઉચ્ચ અને અમાપ છે ?

**સૌથી મોટો ભેદ :** એ જાણવું જોઇએ કે જગતના પાલણહાર (પરવરદિગારે આલમ)ની મા'રફતના સામે કોઇ પણ વસ્તુનું કંઇ પણ મહત્ત્વ નથી. સૌથી મોટો ભેદ ખુદાની હકીકત છે, માટે એક દીનદાર અને હોશિયાર માનવી સરળતાથી એ કલ્પના કરી શકે છે કે ભેદોમાં સૌથી મોટો ભેદ અલ્લાહ પોતે છે. અર્થાત ખુદાની મા'રફતની સ્થિતિ ઘણી જ મુશ્કેલ વસ્તુ છે; અને સૌથી મુશ્કેલ વસ્તુ ખુદા તઆલાની એકતા (Unity of God) છે, પરંતુ તેમ છતાં જ્યારે વિશ્વાસ–ભરોસો કરવામાં આવે છે કે ખુદાની મા'રફત પ્રાપ્ત થાય છે; અને તેની એકતાની ઓળખાણ થઇ જાય છે, તો એવી

સ્થિતિમાં શું કોઈ હોશિયાર માનવી એવી કલ્પના કરી શકે છે કે આ સિવાય કંઈક ભેદ એવા પણ છે કે જેના સુધી મા'રફતવાળાઓ નથી પહોંચી શકતા ? આવી કલ્પના વાજબી નથી, કારણ કે એ 'અલ્લાહો અકબર'ના અર્થની વિરુદ્ધ છે. મતલબ કે ખુદા જ સૌથી મોટો છે અને તે જ સૌથી વધીને અને દરેક વસ્તુથી ઉપરાંત છે–આગળ છે, જેનો ખુલાસો એમ થયો કે દરેક વસ્તુ ખુદાઈ રહેમતની હદમાં બંધાયેલી છે; અને તેની રહેમત ઉપર તેનું જ્ઞાન–ઈલ્મ છવાયેલું છે; અને તે પોતે સ્વયં ઈલ્મ ઉપર છવાયેલો છે. તે બાદશાહ છે.

આ ખુલાસા થકી એક તરફ તો ખુદાની મા'રફતની મહાનતા અને બુઝુર્ગી તથા મોટાઈ અને શ્રેષ્ઠતાની સંપૂર્ણ ખાતરી થઈ જાય છે; અને બીજી તરફ એ જાણ થઈ જાય છે કે કોઈ વસ્તુ ખુદાવંદની રહેમત તથા ઈલ્મથી જુદી–અલગ નથી; અને તેનું પરિણામ ચોક્કસપણે એ જ નીકળે છે કે જે ખુશનસીબ–ભાગ્યશાળી માનવીને ખુદાની મા'રફત પ્રાપ્ત થાય છે તેને સર્વ કાંઈ મળી જાય છે, જેનાં કારણો અને હેતુ નીચે મુજબ જણાવેલાં છે :

(૧) ખુદા તઆલા હકીકી બાદશાહ છે. જ્યારે તે કોઈને પ્રેમ કરે છે (ચાહે છે), તો પોતાની ઓળખાણ કરાવે છે; અને તેને પોતાનાથી માહિતગાર બનાવી લે છે. પછી ખુદાવંદ તઆલાની મિત્રતાના પરિણામે એવા બંદાને સર્વ કાંઈ મળી જાય છે.

(૨) જેને ખુદાની ઓળખાણ (મા'રફત) પ્રાપ્ત થાય, તો તેને એ મા'રફત પોતાના હેઠળ ખુદાઈ ઈલ્મ લઈને આવે છે; અને ઈલ્મ દરેક વસ્તુને લઈને આવે છે, કેમકે અમે આગળ ઉપર જણાવી ચૂક્યા છીએ કે ખુદાની ખુદાઈ તથા મા'રફત સઘળી વસ્તુથી વધીને છે;

અને સઘળી વસ્તુ ઇલ્મ તથા રહેમત હેઠળ છે.

(૩) જોકે એ સત્ય છે કે ખુદા દરેક પ્રકારની ઉપમા–દૃષ્ટાંત–થી અલગ છે (પાક છે), તે છતાં તેની અતિશય રહેમત તથા મહેરબાનીનો એ આગ્રહ હતો–એ માગણી હતી કે ખુદાની ખુદાઇની કલ્પનાની શરૂઆતને માટે કંઇક સર્વમાન્ય દૃષ્ટાંતો રજૂ કરવામાં આવે, માટે તે ખુદાએ પોતાની પવિત્ર જાત વિશે કેટલાંય હિકમતસભર અને અર્થ ભરપૂર દૃષ્ટાંતો આપ્યાં, જેમાં એક એવી સુંદર અને મનગમતી ઉપમા (દૃષ્ટાંત) પણ છે કે જે સદાયથી પાક–પવિત્ર ખુદાની અનંત રહેમતના સૌથી મહાન દયા–મહેરબાની–પ્રેમના પ્રતિબિંબ અને પ્રતિનિધિ તરીકે રહી છે; અને તે એ કે કૃપાળુ ખુદાએ પોતાની પવિત્ર જાતની ઉપમા એક અતિ મહાન અને કીમતી 'મખ્ફી ખજાના' (છૂપા ભંડાર)થી આપી છે. ચાલો એ માન્યું કે જો ખુદા તઆલા મા'રફતવાળાઓને માલિક અને મૌલા તથા આકા અને બાદશાહ તરીકે નહિ, પરંતુ ભંડાર (ખજાના) તરીકે મળી જાય છે, તો તેમાં ઘણું જ ધ્યાન આપીને વિચારવું જોઇએ કે એ ખુદાની કેટલી મોટી મહેરબાની છે કે તે કે જે સૌથી મોટો મહેરબાન છે, તે પોતાને અને પોતાની ખુદાવંદીની સઘળી કમાલિયતભરી ખૂબીઓને મા'રફતના પરિણામના ઇનામી ભંડાર તરીકે ગણે છે; અને આરીફને અર્પણ કરી દે છે. આ ભેદને આથી વધુ ઉઘાડો નહિ કરવો જોઇએ, કેમકે આ ખુદાઇ રહેમત અને મહેરબાનીમાં ઘણી વિચિત્ર હિકમતો છૂપાયેલી છે. આ રીતે એ જણાયું કે નૂર મા'રફત સર્વ કાંઇ છે.

**અતિશય જેવી એક્તા :** અત્રે એક એવી એક્તાનો ઉલ્લેખ કરવો ફાયદામંદ છે, જે અસલમાં એક્તા જ છે (વહેદત છે), પણ

જાહેરમાં અતિશય–વધુ સમજવામાં આવે છે, માટે તેને અતિશયતા જેવી એકતા કહેવી જોઇએ, જેની ઉપમા સૂરજ અને તેનાં અગણિત પ્રતિબિંબ છે. કારણ કે તે સઘળાં પ્રતિબિંબોની સાચી એક્તા–અસલ સ્વરૂપ–સૂરજમાં સદાયથી મોજૂદ છે; અને સૂરજના રૂપ જેવી–ઉપમા જેવી–અતિશયતા (વધારે હોવું) પેલી સઘળી સાફ અને સ્વચ્છ વસ્તુઓમાં છે, જેમાં સૂરજનું પ્રતિબિંબ નજરે પડે છે; જેમ કે અરીસો, સ્વચ્છ પાણી વિગેરેમાં.

આ જ પ્રમાણે રૂહોનું પણ એક મૂળ–ઉદ્‌ભવસ્થાન છે, જેને રૂહાનિયતની દુનિયાનો સૂરજ અથવા નૂર કહેવામાં આવે છે, જ્યાં સઘળી રૂહોની સાચી એક્તા છે અને નાની રૂહોમાં (નૂરની) રૂપ જેવી–ઉપમા સમાન અતિશયતા છે; અને જો આ વિષયમાં આપણે એક સર્વમાન્ય વાત કરવા ઇચ્છીએ, તો તેને અતિશયજેવી એક્તા પણ કહી શકીએ છીએ, જેનો અર્થ એમ થાય કે અસલ નૂરમાં સદાયને માટે દરેક રૂહોની જે એક્તા કાયમ છે, તે વ્યક્તિઓ અને માણસોમાં કામચલાઉ રીતે ઘણી વધારે–અતિશયતા રૂપે જાહેર છે, જેમ કે સૂરજ અને તેના પ્રકાશની કિરણો. અર્થાત કિરણોના દરમિયાન એક તરફ સાચી એક્તા છે, તો બીજી તરફ રૂપ જેવી–ઉપમા જેવી અતિશયતા.

**નફસે વાહીદ (એક રૂહ) :** પવિત્ર કુરાનમાં હિકમત સ્વરૂપે નફસે વાહીદનો ઉલ્લેખ આવેલો છે. આ નફસે વાહીદ (એક રૂહ) નફસે કુલ્લી છે, જે સઘળી રૂહોનું મૂળ–ઉદ્‌ભવસ્થાન અને (નૂરે અઝલ) આદિ નૂરની હેસિયતે છે. એ માટે કુરાનમાં ઇરશાદ છે કે, **"મા ખલકુમ વલા બઅશકુમ ઈલ્લા કનફશીવ અહદ**––તમારું પેદા કરવું અને તમારું પાછું ઉઠાડી ઊભા કરવું કાંઇ જ નથી, કિન્તુ માત્ર **એક** જીવને પેદા કરવા અને

ઉઠાડી ઊભા કરવા સમાન છે." (૩૧/૨૮) અર્થાત પેદા થયેલ રૂહો અસલમાં નફસે કુલ્લીની સાથે સાથે પેદા થયેલ છે, માટે ત્યાં તેની એક્તા એક જાનની એક્તા સમાન છે કે જે સદાને માટે નફસે કુલ્લીમાં કાયમ છે; અથવા તો આ હકીકતને એમ સમજવી જોઇએ કે આપણામાંથી પ્રત્યેકની એક દિવ્યતા અર્થાત રૂહની ઉચ્ચ હકીક્ત હજુ પણ નફસે કુલ્લી સાથે એ જ રીતે બંધાયેલી છે, જે રીતે કે અઝલમાં–અસલમાં હતી. આ સિવાય આપણી એક ઉતરતા દરજ્જાની સ્થિતિ પણ છે, અર્થાત નીચલી અને (હંગામી) થોડો સમય રહેનાર–આરઝી જિંદગી કે જે આપણા વ્યક્તિત્વ ઉપર નિર્ભર છે, જેની ઉપમા સૂરજના પ્રતિબિંબથી આપી શકાય છે કે જે અરીસામાં નજરે પડે છે.

જ્યારે કોઇ મોમિનની રૂહાનિયતના સંબંધમાં વ્યક્તિગત ક્યામત આવી જાય છે, ત્યારે તે પૂરા બ્રહ્માંડની રૂહો કે જે રજકણો સ્વરૂપે તેમાં આવી હોય છે, તેની સાથે પોતાને ક્યારે ક્યારે અચાનક (નફસે કુલ્લી) સર્વે રૂહોની રૂહની સાથે જોડાયેલી જુએ છે. આ તો થયો વ્યક્તિગત રૂહાનિયતમાં દરેકની ક્યામતનો નમૂનો, જેમાં દરેક જાણ પોતાની જાતને અચાનક સમાનતાથી (પૂરા ભાન સહિત) નફસે કુલ્લીમાં જીવંત અનુભવશે, જેમ કે તેનો ઇશારો આગળ ઉપર જણાવેલ આયતમાં મોજૂદ છે. કુરાને શરીફમાં સૂરએ હુજરાતમાં છે કે, "સિવાય તેના કાંઇ જ નથી કે મોમિનો (પરસ્પર) ભાઇ–ભાઇ છે" (૪૯/૧૦) અને એક હદીસમાં આ જ અર્થની સમજણ આપતાં ફરમાવવામાં આવ્યું છે કે, "મોમિનો પરસ્પર ભાઇ–ભાઇ છે; અને અંબિયા (અલૈહીમુસ્સલામ) એક જાન સમાન છે." આ રીતે એ હકીક્ત સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે ઇન્સાનિયત–માનવતા જોકે નીચલા સ્તર ઉપર વેરવિખેર થઇ જાય છે,

પણ એક્તા (વહેદત)ની નજરોએ જોવામાં આવે તો તે ઉપર અને તેથી પણ ઉપર એકઠી–એકત્રિત નજરે પડે છે; અને નફસે કુલ્લીની ઉચ્ચતા ઉપર તો તે આદિથી લઈને અંત સુધી (અઝલથી અબદ સુધી) એક જ જાન રૂપે છે. આ સત્ય (હકાએક) અને (મઆરીફ) ઓળખાણને લીધે એક હોવાની હકીક્ત (Monorealism)ને સમજવામાં મોટી મદદ મળી શકે છે.

**મા'રફત અને કુરાન :** આ વિષયમાં એ સવાલ કોઈને ક્રોઇ પ્રકારે જરૂર ઉદ્‌ભવી શકે છે કે કુરાનમાં મા'રફતના વિશે શું ફરમાવવામાં આવ્યું છે ? તો એનો જવાબ એ છે કે કુરાને શરીફમાં ઠેકઠેકાણે ખાસ હિકમતની ભાષામાં ખુદાની મા'રફતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાંનાં થોડાં દૃષ્ટાંતો નીચે મુજબ રજૂ કરવામાં આવે છેં :

(૧) સૂરએ નૂરમાં ફરમાવેલું છે કે, "ખુદા તઆલા આસમાનો અને જમીનોનું નૂર છે." (૨૪/૩૫) આનો ઇશારો સૌથી પ્રથમ અને સૌથી ઉચ્ચ દરજ્જા ઉપર એક એવા ખુદાઇ પ્રકાશ તરફ છે કે જે દૃષ્ટિ ધરાવનારાઓને–જોનારાઓને રૂહાની જ્ઞાન, નૂરાની હિદાયત અને ખુદાવંદી મા'રફત અર્પણ કરે છે, કેમકે જ્યારે અલ્લાહ નૂર (પ્રકાશ) છે, તો તેનો અર્થ ચોક્કસપણે જ્ઞાન અને હિક્મત ધરાવનાર ખુદાની ઝહુરાત (જાહેર થવા) અને પ્રકાશિત થવા બાબત છે; અને આરીફ (ખુદાની બંદગી કરનાર મોમિન)ના અનુભવો અને મા'રફતની પ્રાપ્તિ વિશે છે, એ માટે કે નૂર ન ફક્ત અંધારાનો નાશ કરીને છૂપાયેલી વસ્તુઓને જાહેર કરી દે છે, પરંતુ સાથે સાથે તે પોતે પણ જાહેર થઇ જાય છે, જેમ કે સૂરજ કે જે એક તરફ અંધારાને ખતમ કરીને પ્રકાશ ફેલાવે

છે; અને આકાશ અને ધરતીને જાહેર કરી દે છે, તો બીજી તરફ તે પોતે પણ સાફ જાહેર અને ઉઘાડો થઇ જાય છે, માટે આ અર્થ સંબંધે એ હકીક્ત સર્વમાન્ય છે કે દિલની દૃષ્ટિથી મા'રફતવાળાઓને ખુદાવંદી નૂરના પ્રકાશનો અનુભવ થાય છે, તો પછી આનું ચોક્કસ પરિણામ એ આવ્યું કે કુરાને હકીમમાં જ્યાં જ્યાં નૂરનો (પ્રકાશનો) ઉલ્લેખ છે, ત્યાં ખુદાની મા'રફતની વાત પણ છે.

(૨) કુરાને પાક (૩૩/૪૫–૪૬)માં છે કે, "હે નબી ! નિ:સંશય અમોએ તને સાક્ષી આપનાર તથા ખુશખબર દેનાર તથા ડરાવનાર તરીકે મોકલ્યો છે; અને અલ્લાહની આજ્ઞાથી (લોકોને) તેની તરફ બોલાવનાર તથા (ઈમાન અને હિદાયતનો) પ્રકાશ આપનાર ચિરાગ બનાવી મોકલ્યો છે." અહી હઝરતે રસૂલ (સ.અ.વ.)ને ખુદાએ નબી, રસૂલ, સાક્ષી દેનાર, ડરાવનાર, ખુદાની તરફ બોલાવનાર અને પ્રકાશિત દીવો બનાવીને મોકલ્યા હતા, માટે આપ માનવંત (સ.અ.વ.)નાં એ પવિત્ર નામોમાં મા'રફતના અર્થો મોજૂદ છે. નબી તેને કહે છે કે જે ખુદા તઆલાના તરફથી ખબર લાવે છે; અને હકીકતમાં તેનું મૂળ–તેનો પાયો રૂહાનિયત અને પ્રકાશિત નૂરના અનુભવો ઉપર છે. એ જ રીતે રસૂલ તે છે, જેને ખુદાએ પોતાની અતિશય નિકટતા અને નજદીકીથી મોકલ્યો હોય; અને સાક્ષી આપનારનો અર્થ છે તે માણસ જેણે અસલ બનાવ અને સ્થિતિની હકીકતને જોયાં હોય (અનુભવ્યાં હોય); અને જે તે મામલાનો સાક્ષી હોય. આમાં રહેમતના પયગમ્બર (નબી)ની રૂહાનિયત અને મા'રફતનો ખાસ ઉલ્લેખ છે કે જો જન્નત–સ્વર્ગ અને ખુદાઇ દીદારનો અનુભવ ન કર્યો હોતે તો હકીકતમાં હુઝૂર સલ્લમ સાક્ષી દેનાર (ગવાહ) ન કહેવાતે; અને ન તો

ખુશખબરી દેનાર અને ડરાવનાર હોતે, કેમકે આ દરેક નામોનો પ્રયોગ રૂહાની દુનિયાના અનુભવ પછી જ યોગ્ય છે; અને ખુદાની તરફ બોલાવનારનો અર્થ 'ખુદાથી મેળવનાર'નો છે. એ વાતમાં કેવી શંકા હોઇ શકે છે કે હુઝૂર (સ.અ.વ.) પોતે અલ્લાહથી મળેલ હતા, તેથી તેઓ પોતે ખુદાના હુકમથી બીજાઓને પણ સાચા રસ્તા (સિરાતે મુસ્તકીમ) ઉપર ચાલીને ખુદાથી મળી જવા માટે બોલાવ્યા કરતા હતા; અને તેઓ માનવંત (સ.અ.વ.) ખુદાની દાવતનું આ મહાન કામ નૂરે મા'રફતની જ સહાયથી પૂરું કરી દેતા હતા, કારણ કે તેઓ પોતે (સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમ) નૂરે હિદાયતના પ્રકાશિત દીવા (ચિરાગ)ની હેસિયતથી હતા, જેનો અર્થ એ થાય છે કે તેઓ પોતે જ નૂરે મા'રફત હતા. તો આ દૃષ્ટાંત થકી સ્પષ્ટ રીતે એ જણાય છે કે કુરાને હકીમની હિકમતમાં ખુદાની મા'રફતનો ઉલ્લેખ મોજૂદ છે. ખાસ કરીને એ આયતોમાં જે સંપૂર્ણ માનવી (ઇન્સાને કામિલ) અને ઉચ્ચ ગુણો ધરાવનાર સંબંધે છે.

(૩) કુરાને પાક (૧૩/૪૩) સૂરએ રઅદની આયત ૪૩માં ફરમાવેલું છે કે, "અને (અય રસૂલ સ.અ.વ.) કાફર લોકો--જે લોકો ઈમાન નથી લાવ્યા તેઓ--કહે છે તું પયગમ્બર નથી-કોઇના તરફથી મોકલવામાં આવેલો નથી, પણ તું (તેઓને) કહે કે મારી અને તમારી વચ્ચે (મારી રિસાલતની) સાક્ષી આપનાર (એક તો) અલ્લાહ પૂરતો છે અને (બીજો) તે છે કે જેની પાસે આસમાની કિતાબ (કુરઆન)નું સંપૂર્ણ જ્ઞાન છે."

તમે ઇચ્છો તો કોઇ પણ વસ્તુની તફસીરમાં આ કુરાની આયત સંબંધે એ વાતની પૂછપરછ કરી શકો છો (જ્યાં કેટલાક

સુન્ની–ખાતરીવાળા હવાલા પણ મળશે) કે રિસાલતના કામની આ આલિશાન સાક્ષીમાં ખુદાના પછી જે સંપૂર્ણ માનવીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે હઝરત અમીરુલ મોઅમેનીન અલી અલૈહીસ્સલામ જ છે, માટે ભલે કાફર કંઇ પણ કહે, પરંતુ ખુદાવંદ તઆલા અને અલી ઇમામે મુબીન આ બનાવ–આ કાર્યના બે વાજબી સાક્ષી છે કે આપ હઝરત સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમ બરહક–ખરેખર રસૂલ છે.

હવે તમારે એક અકલમંદ તરીકે એ જરૂર વિચારવું જોઇએ કે હઝરત અલી (અ.સ.)નું અહી સાક્ષી આપવાનું શું પ્રમાણ છે (શો આધાર છે) ? તમે ચોક્કસ એ નિર્ણય ઉપર પહોંચશો કે આ સૌથી ઉચ્ચતમ ધોરણ–પ્રમાણ અલ્લાહ તબારક વ તઆલા (બરકતવંત અને બુલંદ અલ્લાહ)ની પવિત્ર સાક્ષી છે, જેનો અર્થ એ થયો કે રિસાલતને કબૂલ કરવા વિશે જનાબ મુર્તઝા અલી (અ.સ.)ની સાક્ષી પણ ખુદાઇ સાક્ષીની જેમ છટાદાર તથા મજબૂત છે; અને આ સાક્ષી કાલ્પનિક, ઉપરછલ્લી અને મર્યાદિત પ્રકારની હરગિઝ નથી, પરંતુ સરાસર નજરે જોયેલ અનુભવ પર અવલંબિત છે, કેમકે ગારે હીરાથી લઇને શબે મેઅરાજની દરેક રૂહાની અજબ અને વિચિત્ર પરિસ્થિતિ અને હકીકતને જોયા વગર હુઝૂરે અકરમ (સ.અ.વ.)ની રિસાલતના સાક્ષી બની જવાનો કોઇ અર્થ નથી હોતો, જ્યારે કે આપ હઝરત (સ.અ.વ.)ની નબુવ્વત અને રિસાલત રૂહ અને રૂહાનિયતના દરેક દરજ્જાઓ ઉપર રહેલી છે; અને જ્યારે કે આ અતિશય મહાન કાર્યની સાબિતીના માટેનો પહેલો સાક્ષી જગતનો પાલણહાર (પરવરદિગારે આલમ) પોતે છે.

ખુદાવંદના આ ફરમાનમાં અલી (અ.સ.)ના રિસાલતના સાક્ષી હોવા ઉપરાંત એ પણ ફરમાવેલું છે કે આપ (સ.અ.વ.)ની પાસે

આસમાની કિતાબનું જ્ઞાન છે. જોકે આસમાની કિતાબનું જ્ઞાન ન ફક્ત કુરાન શરીફના જાહેર અને બાતિનમાં છે, પરંતુ તે રૂહ અને રૂહાનિયતની લોહે મહેફૂઝમાં પણ મોજૂદ છે કે જે ઉમ્મુલ કિતાબ (કિતાબની મા) છે, કેમકે જ્ઞાનના વર્તુળમાં કિતાબ અને ઉમ્મુલ કિતાબ બન્ને એક જ છે. તો આ હકીકતોના આધારે એ વાત સાફ રીતે સામે આવે છે કે બાતિન અને રૂહાનિયતની કોઇ પણ મંઝિલમાં નૂરે વિલાયત નૂરે નબુવ્વતથી અલગ નહોતું. આનો અર્થ એ છે કે જ્યારે પણ નૂરે નબુવ્વતે ખુદાની તજલ્લી (પ્રકાશ)ને જોયો, તો નૂરે વિલાયતને પણ જોયો. આ (ખુદાની તજલ્લી જોવાના) ગુણ સિવાય કોઇ પણ શખ્સ ખુદાની સાથે સાથે મહંમદ (સ.અ.વ.)ની રિસાલતના સાક્ષી થઇ જવાના ધોરણ ઉપર પૂરો નથી ઊતરી શક્તો. આ થકી એ અંદાજો થઇ ગયો કે કુરાનની હિકમતમાં કઇ રીતે મા'રફતનો ઉલ્લેખ ફરમાવવામાં આવેલ છે.

**મા'રફત અને જન્નત :** જેમ કે પહેલાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં મા'રફતના નૂરના વસીલાથી પરવરદિગારને ઓળખી લેવામાં આવે છે, ત્યાં મા'રફતથી કોઇ વસ્તુ જુદી નથી રહી શક્તી, કેમકે નૂરે મા'રફત દરેક વસ્તુ ઉપર છવાયેલી અને દરેક વસ્તુને કાબૂ કરી ચૂકેલી છે; અને એ વિશાળ વિસતારમાં જન્નત પણ સમાયેલી છે. આનો અર્થ એ થયો કે સફળ ઝીકર (જાપ) અને નૂરાની ઇબાદતના પરિણામે રૂહ અને રૂહાનિયતના જે અનુભવો સામે આવે છે તે અનુભવોમાં જન્નત પણ છે, જેમ કે ખુદા તઆલા ફરમાવે છે કે, **"વ યુદ ખિલહુમુલ જન્નત અર્રફહા લહુમ**––અને તેમને એવા સ્વર્ગમાં દાખલ કરી દેશે, જેની ઓળખ તેમને (પહેલાંથી) આપી દીધી છે." (૪૭/૬) આ પરથી

જણાય છે કે સ્વર્ગ–બેહિશ્તની ઓળખ દુનિયાની જિંદગીમાં જ થઇ જવી જોઇએ, જેથી મરણ પછી તે સદાને માટે પ્રાપ્ત થઇ શકે; અને અહી કોઇને જન્નતની ઓળખ (મા'રફત) પ્રાપ્ત ન થઇ, તો પછી આખેરતમાં તે અશક્ય છે. એ જ અર્થમાં ખુદાનું ફરમાન છે કે, "અને જે મનુષ્ય દુનિયામાં આંધળો રહેશે, તો તે આખેરતમાં પણ આંધળો રહેશે; અને રાહે રાસ્તથી ઘણે છેટે–ભટકેલો રહેશે." (૧૭/૭૨) આ ફરમાન થકી આંખોથી જોવાની અને રૂહાનિયતના અનુભવની મહત્ત્વતા સ્પષ્ટપણે જાહેર થઇ જાય છે, માટે મોમિન માટે જરૂરી છે કે તે પોતાને ઇમામે ઝમાનના હુકમ અને ફરમાન સાથે બાંધી રાખે, કેમકે ખુદા અને તેના માનવંત રસૂલ (સ.અ.વ.) તરફથી ફક્ત ઝમાનાનો ઇમામ જ આ ઉચ્ચ દરજ્જા ઉપર નિયુક્ત થયેલ છે; અને તેમની તાબેદારી અને ફરમાનબરદારી થકી (ઇલ્મુલ યકીન) ખાતરીપૂર્વકનું જ્ઞાન અને (નૂરે મા'રફત) નૂરની ઓળખાણ પ્રાપ્ત થઇ જાય છે.

**ઇલ્મુલ યકીન :** જો કોઇ મોમિન દુન્યવી જિંદગીની અંદર જ દિલની આંખોથી રૂહ અને રૂહાનિયતના સ્વર્ગનો અનુભવ નથી મેળવી શક્તો; અને તેની બાતિની આંખો હજુ નથી ઉઘડી, તો પણ તેણે નિરાશ નહિ થવું જોઇએ, જો તે ઇમાન અને ઇમામની મોહબ્બતમાં ચોક્કસ અને મજબૂત છે. એવી સ્થિતિમાં તે ઇલ્મુલ યકીનથી કામ લઇને આખેરત અને સ્વર્ગની હકીક્તોની કલ્પના કરી શકે છે, કેમકે જ્યાં દિલની આંખો અને બાતિનનો પ્રકાશ (નૂરે બાતિન) ન હોય ત્યાં વિશ્વાસ–યકીનના જ્ઞાનનો પ્રકાશ આંખોનું કામ આપે છે, જેના વિશે કુરાને કરીમમાં આ રીતે ફરમાવવામાં આવ્યું છે કે, "ખબરદાર ! જો તમે (તમારું પરિણામ) ખાતરીપૂર્વક જાણતા હોત (તો હરગિઝ ગાફિલ

ISWLS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

રહેતે નહિ) ચોક્કસપણે તમે જહન્નમ તો અવશ્ય નિહાળશો." (૧૦૨/૫-૬) ખુદાના આ ફરમાનમાં ખાતરી-વિશ્વાસના જ્ઞાનનાં વખાણ અને વિસ્તાર કરવામાં આવ્યાં છે; અને તેનો સ્પષ્ટ અર્થ એ છે કે જે નસીબદાર મોમિનની પાસે ઇલ્મુલ યકીન હોય, તો તે ન ફક્ત દોઝખને જોઇ શકે છે, પરંતુ તે એના પ્રકાશમાં જન્નતનાં સત્યોને પણ જોઇને ઓળખી શકે છે; અને એ બધું મરીજવા પહેલાં આ જ દુનિયામાં સંપૂર્ણ થઇ જવું જોઇએ, જેથી ઇલ્મુલ યકીન પછી ઐનુલ યકીન (નિહાળીને ખાતરી કરવી)નો દરજ્જો પ્રાપ્ત થાય.

**ઐનુલ યકીન :** ઐનુલ યકીનનો અર્થ છે વિશ્વાસની દૃષ્ટિ, જેનો હેતુ છે દિલની આંખ અને બાતિનની નજર. મનુષ્ય એ જ બાતિનની આંખો વડે પોતાની રૂહ અને રૂહાનિયતને જુએ અને ઓળખે છે, રૂહાની જગત અને રૂહાનિયતની દરેક વસ્તુનો અનુભવ કરી શકે છે; અને મા'રફત અહીં-આ જ ઠેકાણે સંપૂર્ણ થઇ જાય છે.

જો કોઇ મોમિનને હજુ એ મુકામ-એ દરજ્જો પ્રાપ્ત નથી થઇ શક્યો, તો જાણી લો કે તેના વિશ્વાસના જ્ઞાનમાં-ઇલ્મુલ યકીનમાં નબળાઇ છે-ઓછપ છે; અથવા ઇબાદત અને અભ્યાસ તથા હકીકી ઇશ્કમાં અધૂરાપણું છે, માટે મોમિનોને જરૂરી છે કે તે પ્રામાણિક્તા અને મોહબ્બતની સાથે ઇમામે ઝમાનાની સંપૂર્ણ તાબેદારી કરતાં કરતાં ઝીકર અને ઇબાદત તથા હકીકી જ્ઞાનને માટે મહેનત કરે, જેથી ખુદા અને રસૂલ (સ.અ.વ.)નો રાજીપો મળે; અને તેના થકી ઇમામ તેનો હાથ પકડી લ્યે; અને તેને નૂરાની હિદાયત મળતી રહે, જેના થકી ઘણી જ સહેલાઇથી ઇલ્મુલ યકીન અને ઐનુલ યકીનનો દરજ્જો પ્રાપ્ત થાય.

* □ *

## પ્રકરણ ત્રીજું

# નૂરની સ્થિતિ (હાલત) તથા હકીકત

**નૂરનો અર્થ :** નૂરનો શાબ્દિક અને શબ્દકોષ મુજબનો અર્થ છે પ્રકાશ; અને મઝહબી-દીની વ્યવહારમાં આનો અર્થ નૂરે હિદાયત ઘટાડવામાં આવે છે કે જે અર્થાત નૂરે હિદાયત જ્ઞાન, હિકમત તથા વિશ્વાસ અને મા'રફતનું મૂળ છે; અને દીન અને દુનિયાના માર્ગદર્શનનો વસીલો-હથિયાર છે. એ પરવરદિગારે આલમનું નૂર છે, જે સંપૂર્ણ માનવીનો વેશ ધારણ કરીને માણસના અવતારમાં સાચા હાદી-હાદીએ બરહક સલવાતુલ્લાહ અલૈહીની હેસિયતથી દુનિયામાં હાજર અને મોજૂદ છે, માટે કુરાનમાં વારંવાર-ઘણી જગ્યાએ આ નૂરે ખુદાવંદીનો ઉલ્લેખ આવેલો છે. તેઓ દરેક પ્રકારે પૂરા અને સંપૂર્ણ તથા જીવંત નૂર છે, જેનું સઘળું માર્ગદર્શન શંકા-કુશંકાઓથી દૂર છે અને પવિત્ર છે. તેના કારણે ન ફક્ત આસમાન તથા જમીનની હકીકતો સ્પષ્ટ અને મર્યાદિત થઈને સામે આવે છે, પરંતુ તે અવ્વલ અને આખર તથા જાહેર અને બાતિનના સઘળા અહેવાલો ઉપર પણ પ્રકાશ નાખે છે, કેમકે તે દરેક પ્રકારે સર્વશક્તિમાન ખુદાનું નૂર છે.

નૂરની ઓળખાણ : જો કોઈ શખ્સ સવાલ કરે કે નૂરની ઓળખાણ શું છે ? તો તેનો જવાબ એ છે કે નૂર જ્યાં ઉદય થાય છે ત્યાં જાહેર થઈ જાય છે; અને તેના જાહેર થવાના કારણે-તેની પ્રતિભાથી જુલ્મ-દુઃખો મટી જાય (નાશ થઈ જાય) છે. આનો અર્થ એ થયો કે નૂરના જાહેર થવાનો એક ખાસ ગુણ છે, માટે તે ન ફક્ત

પોતે જાહેર થાય છે, પરંતુ સાથે સાથે અંધારામાં છૂપાયેલી વસ્તુઓને પણ છતી કરી દે છે–પ્રકાશિત કરી દે છે.

નૂરના પ્રકાર : જેમ કે આ વિષયના આરંભથી–આ વિષયની ઓળખાણથી એ સ્પષ્ટ છે કે અત્રે આપણે જે નૂરના વિશે કંઇ ઉલ્લેખ કરવા ઇચ્છીએ છીએ, તે ફક્ત રૂહાની નૂર છે, ભૌતિક પ્રકારની રોશની નહિ; અને ન તો કોઇ જાહેરી કે દુન્યવી પ્રકાશ માટેની દલીલબાજી કરવાનો અહીં હેતુ છે. પરંતુ હા, એનાથી દૃષ્ટાંત લઇ શકાય છે; માટે જાણવું જોઇએ કે રૂહાની અથવા દીની નૂરના ત્રણ પ્રકારો છે, અથવા એમ કહી શકાય કે નૂરે હિદાયત હકીકતમાં તો એક જ છે, પણ તેની ત્રણ બાજુઓ છે : વર્તણૂક અથવા નીતિ–નિયમવાળું, રૂહાની; અને અક્કલ–જ્ઞાન એમ ત્રણ બાજુઓ છે. એ જ અર્થમાં આપણે એમ પણ કહી શકીએ છીએ કે મનુષ્યની હિદાયતના માટે–માર્ગદર્શનના માટે ત્રણ નૂરો નિયુક્ત થયેલાં છે, કેમકે જાહેર અને બાતિનમાં જે વજૂદ અને હસ્તી છે તે ત્રણ પ્રકારની છે : અક્લે કુલ, નફસે કુલ; અને જિસ્મે કુલ (કાએનાત–બ્રહ્માંડ) છે. વળી મનુષ્યના રહેઠાણ–મુકામ તથા નિરાંત–આરામ પણ ત્રણ વસ્તુઓ ઉપર છે, અર્થાત અક્કલ, નફસ અને શરીર; વળી તેની પોતાની દુનિયા પણ ત્રણ છે, જે છે વિચાર અને ડહાપણની દુનિયા, રૂહ અને રૂહાનિયતની દુનિયા; અને શરીર તથા મનુષ્યત્વ–માનવીની દુનિયા; અને સર્વશક્તિમાનના વર્તુળમાં અર્થાત એક ખુદાવંદની જાતના હેઠળ જગત પણ ત્રણ છે : જબરૂત (ઇશ્વરી શક્તિ–જન્નત), મલકૂત (ફરિશ્તા–મલાએક); અને નાસૂત (માનવતા). તો આ સઘળાં દૃષ્ટાંતોથી એ હકીકત સ્પષ્ટ છે કે નૂરે હિદાયતના ત્રણ દરજ્જાઓ છે કે જેથી ખુદા તઆલાના તરફથી

મનુષ્યને શરીર, રૂહ અને અક્કલ એમ ત્રણ ઠેકાણેથી બરાબર હિદાયત દઇ શકાય.

નૂરે હિદાયતના ત્રણ પ્રકાર હોવા અથવા તેની ત્રણ બાજુઓ હોવાનો અર્થ એ છે કે ખુદા–હાદીએ બરહક ન ફક્ત અક્કલ અને રૂહ સ્વરૂપે ખુદાનું નૂર–નૂરે ખુદાવંદી છે, પરંતુ તેના પવિત્ર શરીરને પણ એ ઉચ્ચતા મળેલી છે, કેમકે જો શરીર વગર અક્કલ અને રૂહના માટે દુનિયાવાળાઓનું માર્ગદર્શન કરવું શક્ય હોત, તો એ સ્થિતિમાં ફરિશ્તાઓને આ ધરતી ઉપરના પયગમ્બર અને ઇમામ બનાવીને મોકલી દેવામાં આવતે, પરંતુ આ કામ–હુકમ ખરેખર એવો નથી, જેનું કારણ એ છે કે માનવતાની દુનિયા અને શારીરિક અવસ્થામાં ફક્ત શરીર મારફત જ અમલી હિદાયતની નમૂનો રજૂ કરી શકાય છે, જે માટે જાહેરીમાં શરીર જ નૂરનું કામ પૂરું કરી શકે છે. તો આ રીતે આ અર્થમાં ઝમાનાના હાદીનું પવિત્ર શરીર નૂરે હિદાયતની શરૂઆતની બાજુ છે અથવા જાહેરી નૂર છે.

વર્તણૂક અથવા નીતિ–નિયમવાળું નૂર . મનુષ્યના જગતમાં જ્યાં જ્યાં ખરાબ આદતોના પડછાયા જોવા મળે છે, તે અનીતિ–ખરાબીઓનાં અંધારાં છે. તેને દૂર કરવાનું–તેનો નાશ કરવાનું ફક્ત અને ફક્ત સારા આચરણ–નીતિ–નિયમના જ નૂર વડે શક્ય છે. આ જ કારણ છે કે પરવરદિગાર બુઝુર્ગે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને મનુષ્યના ગુણો–માનવીના વર્તન અને કાર્યનો ઉચ્ચતમ નમૂનો બનાવીને મોકલ્યા. જેમ કે ખુદાનું ફરમાન છે કે, "**વ ઇન્નકલ અલા ખુલુકીન અઝીમ**––અને તમો ખચિત (ખાતરીપૂર્વક) સદવર્તનની ઉચ્ચ શ્રેણી ઉપર છો." (૬૮/૪) અર્થાત તમો નેક–સારી

આદતોની ઉચ્ચ પંક્તિ ઉપર બિરાજેલા છે, જેથી તમારાં દરેક વાણી અને વર્તન દ્વારા લોકોમાં નૂરે હિદાયતનો પ્રકાશ જાહેર થાય; અને એ જ નમૂના સમાન સદવર્તન (ઉસ્વાએ હસના)ના પ્રકાશની પાછળ પાછળ સીધા રસ્તા ઉપર ચાલવામાં આવે.

કુરાને પાક આપ (સ.અ.વ.)ને પ્રકાશિત દીવો (સિરાજે મુનીર) કહ્યા છે. "અને અલ્લાહની આજ્ઞાથી (લોકોને) તેની તરફ બોલાવનાર તથા (ઈમાન અને હિદાયતનો) પ્રકાશ આપનાર ચિરાગ (દીવો) બનાવીને મોકલ્યો છે." (૩૩/૪૬) અને આ ગુણનો અમલ સૌથી પ્રથમ (હુઝૂરે અનવર) નબી મહંમદ (સ.અ.વ.)ના પવિત્ર તથા માનનીય વ્યક્તિત્વ ઉપર થાય છે, કેમકે જે સદ્દભાગી (ખુશકિસ્મત) માણસોએ ખુદાના રસૂલથી દીન-મઝહબની (પ્રારંભિક) શરૂઆતની રોશની મેળવી લીધી, તે આપ માનવંતના વ્યક્તિત્વના વસીલાથી હતા, અથવા એમ કહી શકાય કે જે પ્રકાશિત દીવાને જગતમાં મોકલવામાં આવ્યો હતો, તેનું કાર્ય એ હતું કે અક્કલ અને રૂહના નૂરથી પહેલાં સદ્દવર્તન અને ઇન્સાનિયત-માનવતાનો પ્રકાશ ફેલાવો, પછી રૂહ અને અક્કલની તરફ માર્ગદર્શન કરો, કેમકે માનવીની રચનામાં (પેદા કરવામાં) પણ આ મુજબનો જ ક્રમ છે કે સૌ પ્રથમ શરીર બને છે, તે પછી રૂહ આવે છે; અને છેલ્લે અક્કલની પૂર્ણતા થાય છે.

જો કોઇ માનવી ઉપર મુજબની સમજણ છતાં એ સવાલ કરે કે સાચા હાદીનું વ્યક્તિત્વ નૂરે હિદાયતમાં સમાયેલું છે કે તેનાથી જુદું છે ? તો તેનો જવાબ એ છે કે સંપૂર્ણ માનવી-હાદીનું શરીર ધારણ કરવું (જિસ્માનિયત) અને તેનું વ્યક્તિત્વ નૂરમાં સમાયેલાં છે, કેમકે સદ્દવર્તન, રૂહ અને અક્કલનો પ્રકાશ શરીરના ટેકા વગર અશક્ય છે. એ

જ કારણ છે કે કુરાનમાં સૂરએ નૂર (૨૪/૩૫)માં જે પ્રકારે નૂરે હિદાયતની સરખામણી એક પ્રકાશિત દીવાથી કરેલી છે, તેમાં ન ફક્ત જવાળા અને પ્રકાશને નૂર સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે, પણ તેની સાથે સાથે દીવાના વાસણને (ફાનસને) તથા ગોખલાને પણ નૂર ક્હેવામાં આવ્યો છે, જેમ કે ફરમાવેલું છે કે, "અલ્લાહ આકાશ તથા પૃથ્વીનું નૂર છે, તેના નૂરનો દાખલો એક ગોખલાના જેવો છે, જેમાં એક દીવો બળતો હોય." તમો જુઓ છો કે ખુદાના નૂરના આ હિકમતસભર દૃષ્ટાંતમાં ન ફક્ત જવાળા અને પ્રકાશનો જ ઉલ્લેખ છે, પરંતુ તેમાં ફાનસ તથા ગોખલાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આનાથી એ સાબિતી મળી કે ઈસ્લામના પયગમ્બર (સ.અ.વ.) તથા પવિત્ર ઈમામના સદ્‌વર્તન, રૂહ અને અક્કલની સાથે વ્યક્તિત્વ તથા કુટુંબ પણ નૂરનો ભાગ છે. વ્યક્તિત્વ દીવા (ફાનસ) રૂપે અને કુટુંબ તેના ગોખલાની જેમ છે, જેમાં દીવો હોય છે.

ખુદાના તરફથી નબી મહંમદ (સ.અ.વ.)ના 'રહેમતુલ લીલ આલમીન' હોવાના જે જે અર્થો છે, તેમાં એક મૂળ અને મહત્વની વાત એ પણ છે કે આરંભથી લઈને અંત સુધી માનવીના જગતમાં જે કંઈ માનવતા અને સદ્‌વર્ત-નીતિ-નિયમની જે ખૂબીઓ જોવા મળે છે તે સઘળી હુઝૂરે અકરમ (સ.અ.વ.)ના સદાચારના નૂરના લીધે છે, નહિ તો સઘળા જગત માટે સરવરે અંબિયા નબી મહંમદ મુસ્તફા (સ.અ.વ.)ને રહેમત બનાવી મોકલવાનો અર્થ અધૂરો રહી જાય છે, પણ એ વાત જુદી છે કે કોઈ માનવી હુઝૂર (સ.અ.વ.)ની માનવતા અને સદ્‌વર્તનના પ્રકાશ પછી તેમના રૂહાની અને (અક્કલ) બુદ્ધિના નૂરના ફાયદાને પણ કબૂલ કરે છે કે નહિ.

**રૂહાની નૂર :** આ જગતમાં ઘણા લોકો એવા છે, જે હમેશાંથી રૂહ અને રૂહાનિયતથી દૂર અને રૂહાની હકીકતોને નકારનારા છે, કારણ કે તેઓ વિશ્વાસ-ઈમાન અને મઝહબથી કોઇ સંબંધ અને રસ નથી ધરાવતા. તેમના માટે આ જાહેરી અને દુન્યવી જિંદગી જ સર્વસ્વ છે. જોકે મઝહબી દૃષ્ટિએ રૂહાનિયત ઘણા દરજજે ઉત્તમ અને ઉચ્ચ છે, માટે અલ્લાહ તઆલાએ રૂહ અને રૂહાનિયતના અંધારા (અજ્ઞાનતા)ને દૂર કરવા માટે રૂહાની નૂર નિયુક્ત કરેલ છે. અર્થાત દરેક સમયમાં એક સાચા હાદીની મુબારક અને પવિત્ર રૂહને રૂહાની પ્રકાશનું મૂળ સ્થાન બનાવ્યું, જેથી ખરી હકીક્ત જાણનારા લોકોને માટે રૂહાનિયતની દુનિયા ભૌતિક (જાહેરી) દુનિયા કરતાં ઘણી વધારે ઉજજવળ-પ્રકાશિત અને સ્પષ્ટ બની જાય. •

ખુદા તઆલા ફરમાવે છે કે, "અને (અય મુહમ્મદ સ.અ.વ.) અમોએ તમને સઘળી દુનિયાઓને માટે રહેમત બનાવીને મોકલ્યા છે." (૨૧/૧૦૭) જેનો એ અર્થ છે કે હઝરત મહંમદ (સ.અ.વ.)ના નૂરનો ખુદાની ઈચ્છા મુજબ પવિત્ર જગત (આલમે લાહુત)થી ઉદય થયો; અને હંમેશ માટે આ પવિત્ર નૂર જ્ઞાન અને હિકમત તથા માર્ગદર્શન આપનારના સ્વરૂપમાં ઈશ્વરી• શક્તિ (જબરૂત) ફરિશ્તા અને માનવી (મલકૂત અને નાસૂત)માં બાકી રહ્યું. એ જાણવું જોઈએ કે, દાખલા તરીકે નાસૂત કે જે માણસોની દુનિયા છે, તે સૌથી નીચે છે; મલકૂત કે જે રૂહો અને ફરિશ્તાઓની દુનિયા છે તે એનાથી ઉપર છે; જબરૂત કે જે જલાલી ફરિશ્તાઓ અને ખુદાઇ ગુણોની દુનિયા છે તે એનાથી પણ ઉપર છે; અને લાહુત કે જે વહેદતની દુનિયા-એક જ હોવાની-ખુદાની પવિત્ર જાતની દુનિયા જે સૌથી ઉપર છે; અને અસલમાં આ ઉચ્ચતાનો

ક્રમ ભૌતિક નથી પણ રૂહાની છે.

ખુદા તઆલા કે જે રહેમાન અને રહીમ છે, તેણે ત્રણે દુનિયામાં હિદાયત (માર્ગદર્શન) અને રહેમતના નૂરને એટલા માટે નિયુક્ત કર્યું છે કે માનવ-ઈન્સાન કે જે ખુદાની હસ્તીના તરફથી આ દુનિયામાં આવ્યો છે અને જેને આ હુકમ અનુસાર કે, **"ઈન્ના ઈલૈહી રાજેઊન**--ખુદાની તરફ પાછા જવું છે." તેની મદદ અને દસ્તગીરી કરવામાં આવે, કેમકે ખુદાવંદ એ બાબતને સારી રીતે જાણતો હતો કે માનવ કે જે દરેક રીતે અશક્ત-કમજોર છે, તે ખુદાઈ મદદ અને સહાય વગર આ દૂરની લાંબી મુસાફરીની પરંપરામાં સફળ નથી થઈ શક્તો, માટે ખુદાએ એ કામને કબૂલ રાખ્યું-એ કામ કરવાનું નક્કી કર્યું કે નૂરે હિદાયતના વસીલાથી તેની (માનવીની) સહાય અને 'દસ્તગીરી કરવામાં આવે; અને ડગલે ડગલે, મંઝિલે મંઝિલે અને દુનિયા દર દુનિયામાં માર્ગદર્શન કરતાં કરતાં તેને અસલ મરતબા ઉપર પહોંચાડી દેવામાં આવે. તરીકતમાં માનનારાઓની આ સૌથી મોટી કલ્પના છે કે સત્ય-વિશ્વાસના મુસાફરે સૌથી પ્રથમ મુર્શિદે કામિલમાં ફના થઈ જવું જોઈએ, જેથી તે એ વસીલાથી રસૂલ (સ.અ.વ.)માં ફના થઈ શકે; અને પછી રસૂલ (સ.અ.વ.) દ્વારા ફના ફિલ્લાહ અને બકા-બિલ્લાહનો દરજ્જો મેળવી શકે. આ વર્ણનથી એક તરફ તો એ હકીક્ત સાફ અને સ્પષ્ટ થઈ કે હિદાયતના નૂર (નૂરે હિદાયત)ની જરૂરત તથા મહત્ત્વતા ન ફક્ત (આલમે નાસૂત) મનુષ્યની દુનિયામાં જ છે, પરંતુ ખુદાના હુકમથી હમેશાં (આલમે મલકૂત) ફરિશ્તાઓની દુનિયા અને (આલમે જબરૂત) દૈવી જગતમાં પણ છે; અને એ જ કાર્ય ચાલી રહ્યું છે. બીજી તરફ એ જાહેર થયું કે મુસાફરની મંઝિલે

મકસૂદ–ધ્યેય ફના ફિલ્લાહ છે. અર્થાત તેને છેલ્લા દરજ્જા સુધી જઈને પોતાની હસ્તી અને પોતાનું અહમ–સ્વાભિમાન ખુદાની હકીકતમાં (ખતમ) વિલીન અને ફના કરી દેવાનું છે; અને ખુદાની અનાદિ અને અનંત એકતામાં જીવંત થઈ જવાનું છે.

**રૂહાનિયતની ચઢતી–ઊતરતી રોશની :** સ્વભાવના હિસાબે–કુદરતી રીતે માનવી એવો છે કે તે દરેક ક્ષેત્રમાં પહેલાં તો કમજોર હોય છે, પછી ધીરે ધીરે પ્રગતિ કરે છે. કુદરતના એ જ સિદ્ધાંત મુજબ રૂહાની પ્રકાશ–રોશની શરૂ શરૂમાં ઘણી જ ધીમી અને મંદ દેખાય છે; અને પછી દરજ્જે દરજ્જે તેમાં વધારો થતો જાય છે, એટલે સુધી કે એક દિવસ અતિશય વધારે પ્રકાશની એક તોફાની દુનિયા બનીને સામે આવે છે; અને એ સૌથી મોટી કસોટીનો વખત હોય છે.

રૂહાનિયતની શરૂઆતની રોશની એક પ્રકારે ભૌતિક રોશની જેવી હોય છે, પરંતુ સાથે સાથે તે બીજા અનેક પ્રકારે જુદી પણ હોય છે, કેમકે રૂહાની નૂર એક એવી ભૌતિકથી વિરુદ્ધ હકીકત છે, જે શરીરની સ્થિતિ અને શારીરિક ગુણોથી ભિન્ન–જુદી અને ઉચ્ચ તથા સમય અને સ્થળના બંધનથી મુક્ત છે. તે જાહેરી રોશનીથી દરજ્જાના હિસાબે અત્યંત ઉચ્ચ, ચઢિયાતી અને પૂર્ણ છે; ઘણી જ સુંદર, અતિશય મનમોહક અને આંખને આંજી દેનાર છે. તેની દિલખુશ કરી દેનાર રંગીનીઓ, દિલફરેબ પ્રકાશ–કિરણો અને ખુશી દેનાર પ્રતિભા–ભપકો બેનમૂન છે; અને તે રૂહાનિયતના મોઅજિઝાઓ તથા નૂરાનિયતની તજલ્લીઓની એક રંગીન ભરપૂર દુનિયા છે, જે આસમાન અને જમીનની સઘળી વસ્તુઓનું રૂહાની રૂપ અને સુંદરતાનો મેળો છે, માટે પ્રત્યેક

ક્ષણ તેની જાહેર થવાની તજલ્લીઓનાં અગણિત સ્વરૂપો બદલાતાં રહે છે. તેની પ્રત્યેક વસ્તુ કુદરતની બનાવેલી સુંદર વસ્તુ અને હિકમતનો નમૂનો હોવાને લીધે પોતાની તજલ્લીઓથી દિલની આંખોને ઘણી જ ઠંડક આપે છે.

રૂહાની નૂર ખુદાનું છે, જે રસૂલ (સ.અ.વ.)માં હતું; અને તે નૂર રસૂલ (સ.અ.વ.)નું છે, જે ઇમામમાં છે. આ પ્રકાશ પોતે દિલની દુનિયા પણ છે અને દિલની આંખો પણ. તે રૂહ પણ છે અને રૂહાનિયત પણ. આખેરત પણ છે અને જન્નત પણ. તે જાન–શરીરનો ખોરાક પણ છે અને દિલ તથા મગજની શાંતિ–રાહત પણ. કેમકે અસલમાં રૂહ પોતે જ સર્વ કાંઇ છે, એ માટે કે એ અલ્લાહ તઆલાના હુકમથી છે : "અને હે રસૂલ (સ.અ.વ.) લોકો તને રૂહ સંબંધી સવાલ કરે છે; તું કહે કે રૂહ (એ) મારા પરવરદિગારની આજ્ઞાઓ માંહેની એક (આજ્ઞા) છે." (૧૭/૮૫) બલ્કે રૂહનું જાહેર થવું અને રૂહાનિયતના અનુભવના આ ઉચ્ચ સ્થાન ઉપર તે પોતે જ એક હુકમ–એક આજ્ઞાની દુનિયા છે, માટે અહીં રૂહ દરેક વખતે 'કુન ફયકુન'ની જાહેરાત અને તજલ્લીઓનું પ્રતિબિંબ પાડે છે. અર્થાત રૂહ અને રૂહાનિયતના અનુભવોથી જણાય છે કે રબ્બુલ ઇઝ્ઝત–ખુદા 'કુન'ના હુકમથી કેવી રીતે દરેક વસ્તુને નૂરાની સ્વરૂપ–શરીર અર્પણ કરી દે છે; અને કેવી રીતે એ બોલને લીધે રૂહાની દુનિયામાં દરેક વખતે વસ્તુઓ જાહેર થતી રહે છે.

રૂહાનિયતનો રંગ : જો એક રીતે જોવામાં આવે તો કાએનાતના બગીચા અને હાજર–મોજૂદ વસ્તુઓની પુષ્પવાટિકામાંની સઘળી જાહેર વસ્તુઓની સુંદરતા અને રૂપની મીઠાશ અને રંગીની પણ ખુદાના તરફથી છે, તેમ છતાં બીજી રીતે તે સર્વશક્તિમાન અને હકીમે

બ્રહક—સાચા માલિક્નો ખાસ અને સર્વોત્તમ રંગ રૂહ અને રૂહાનિયતની સ્થિતિમાં જ સમાયેલો છે, જે નૂરે હિદાયત અને ઈસ્લામ તથા ઈમાનનો રંગ છે. જેમ કે ખુદાવંદ તઆલાએ ફરમાવ્યું છે કે, **"સબગતુલ્લાહી વ મન એહસનુ મિનલ્લાહ સબગતંવ મહનુલહુ આબેદૂન**—અલ્લાહના રંગની વાત કરો; અને અલ્લાહના રંગથી ઉત્તમ કોનો રંગ હોઈ શકે છે ? અને અમે તો તેની જ ઈબાદત કરનારા છીએ." (૨/૧૩૮) અર્થાત નસારા (ખ્રિસ્તીઓ)ને કહો કે જાહેરી રંગ છાંટવા (બચ્ચાઓને બેપ્ટીઝમ આપવા)થી મા'રફત અને નજાત પ્રાપ્ત નહિ થાય, તે તો ઈમાન અને રૂહ તથા રૂહાનિયતના રંગમાં રંગાઈ જવાથી પ્રાપ્ત થાય છે; એ જ અલ્લાહનો રંગ છે અને રંગીની અર્પણ કરવામાં ખુદાથી ઉત્તમ કોણ હોઈ શકે છે ?

રૂહાનિયતના રંગનો ઉલ્લેખ કુરાન શરીફની એ આયતોમાં વધુ પ્રમાણમાં મળે છે કે જે નૂર, ક્યામત અને જન્નતના વિષયને લગતી છે; અને એ સિવાય કુરાને કરીમમાં જ્યાં પણ કોઈ રંગીનીનો ઉલ્લેખ આવ્યો હોય, તેમાં પણ વધુ કરીને રૂહાનિયતના રંગની તરફ ઈશારો ફરમાવેલ છે. દાખલા તરીકે સૂરએ બકરહની આયત ૬૯માં બની ઈસ્રાઈલની જે ગાયના ખુશ કરી દેનાર રંગનું વર્ણન આવેલું છે, તેનો તાવીલી—ગૂઢ હેતુ રૂહાની રંગ છે, જેને મોમિન બંદો સાચા હાદીના વસીલાથી પોતાના બાતિનમાં જુએ છે. આ જબરદસ્ત ખુશી એ રૂહાનિયતના રંગના સર્વપ્રથમ અનુભવ થકી પણ છે અને દિલની દૃષ્ટિના પ્રથમવાર ખુલી જવાથી પણ છે, નહિ તો ફક્ત પીળા રંગની એક જાહેરી અને દુન્યવી ગાયને જોવાથી કોઈને એટલી બધી ખુશી અને હર્ષ કેવી રીતે થઈ શકે છે કે જેનો ઉલ્લેખ ખૂબ જ ઉત્સાહ—

કાળજીપૂર્વક ખુદા પોતે કરે !

**રૂહાની શક્તિઓ :** જે રીતે રાતનું અંધારું દુનિયાની વસ્તુઓને છૂપાવી દે છે; અને દિવસનો પ્રકાશ તેમને જાહેર કરી દે છે, એ જ રીતે નૂરે હિદાયત રૂહ અને રૂહાનિયતની એ દરેક વસ્તુઓને જાહેર અને પ્રદર્શિત કરી દે છે કે જે ગફલત–સુસ્તી અને અજ્ઞાનતાના અંધારામાં છૂપાયેલી છે. એના થકી જ, એ જ કારણસર રૂહાનિયતની અતિઘણી શક્તિઓ અને પ્રકાર પ્રકારની ખૂબીઓ બહાર આવી જાય છે, જેમાં રૂહાની રીતે નિહાળવું (જોવું), સાંભળવું, સૂંઘવું, બોલવું, સ્પર્શ કરવું એ ખાસ છે. આ પાંચ શક્તિઓને પાંચ બાતિની ઈન્દ્રિયો કહે છે, જેના થકી નૂરે હિદાયત મોમિનોના બાતિનમાં ઉદય થઇ જાય છે. એનો અર્થ એમ છે કે નૂરે હિદાયત ન ફક્ત રૂહાની પ્રકાશની સ્થિતિમાં માર્ગદર્શન અને રાહબરી કરે છે, પરંતુ તે રૂહાની અને નૂરાની રીતે સાંભળવા, સૂંઘવા, બોલવા અને સ્પર્શવાના રૂપમાં પણ દરેક જાતની હિદાયત આપે છે.

નૂરે હિદાયત કેવી કેવી સ્થિતિમાં અને કેવી કેવી રીતથી મોમિનોની મદદ (દસ્તગીરી) અને માર્ગદર્શન કરે છે તે જાણવા માટે જરા હદીસે કુદસીમાં જોઇએ, જે આ મુજબ છે : "મારો બંદો હમેશાં (નવાફીલ) ફરજ કરતાં વધારે પ્રાર્થના કરીને તે મારફત મારાથી નજદીકી મેળવે છે. એટલે સુધી કે હું તેનાથી પ્રેમ કરવા લાગું છું. જ્યારે હું તેનાથી પ્રેમ કરવા લાગું છું, તો હું તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે; અને તેની આંખો થઇ જાઉં છું જેનાથી તે જુએ છે; અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે–સ્પર્શ કરે છે; અને તેના પગ બની જાઉં છું જેનાથી તે ચાલે છે." (સહીહ

બુખારી, ગ્રંથ ત્રીજો, પાનું ૮૪૪, હદીસ નંબર ૧૪૨૨)

જ્ઞાનીઓને એમાં કોઇ શંકા નથી કે આ ખૂબીઓ–આ ગુણો હાદીએ બરહક્કના છે જે નૂરે હિદાયત છે, જેને ઇન્સાનિયત–માનવતાના જાહેર અને બાતિનમાં (જાતે સુબ્હાન) પવિત્ર હસ્તીના રાજ્ય–ખિલાફતનું પ્રતિનિધિત્વ કરવાનું મહાન માન પ્રાપ્ત છે, જેનાથી તેની હિદાયત અને માર્ગદર્શનનો અમલ ખુદાનું કાર્ય ગણાય છે, નહિ તો અલ્લાહ તઆલા તો એ વાતથી પાક અને મહાન છે કે તે પોતે જાતે જ બંદાનો કાન, આંખ, હાથ અને પગ બની જાય.

ઉપર મુજબના વર્ણનનો ખુલાસો એ છે કે નૂર એ શારીરિક, રૂહાની અને અક્કલની શક્તિઓનું મૂળ છે; અને દરેક પ્રકારની લાગણી અને સમજશક્તિનું સાધન છે–મૂળ છે. આ મુજબ નૂરના ઘણા અર્થો છે અને તે સર્વ કાંઇ છે. દાખલા તરીકે જ્યારે નૂરનો હેતુ હિદાયત અને માર્ગદર્શન હોય છે, તો એ સ્પષ્ટ છે કે આંખોની હિદાયત પ્રકાશ મારફત જ થઇ શકે છે, કાનની હિદાયત બોલ સિવાય (શબ્દો સિવાય) શક્ય નથી; તો એ જાણાયું કે નૂર અવાજ અને ધ્વનિની સ્થિતિમાં પણ છે. જો નાક પણ હિદાયતનો કોઇ ભાગ છે, તો તે સુગંધના સ્વરૂપમાં યોગ્ય છે અને એ સત્ય છે, માટે એ સાબિત થયું કે નૂરની એક સ્થિતિ સ્વર્ગની સુગંધના જેવી પણ છે. જીભની હિદાયત કુદરતી અને મોઅજિઝાવાળી વાતચીતની હેસિયતમાં છે કે જેના થકી તે પોતે પોતે જ બોલવા લાગે; અને એ જ પ્રમાણે નૂર સ્પર્શવાની શક્તિ બનીને પણ આવે છે.

નૂર દીન–મઝહબની દુનિયાનો સૂર્ય છે, અથવા એમ સમજી લેવામાં આવે કે નૂર ખુદાનું વીજળીઘર છે. હવે તમે ભૌતિક અને

વૈજ્ઞાનિક પ્રકારે પૂરો વિચાર કરો કે સૂર્ય અને પાવરહાઉસથી શું શું વસ્તુઓ બને છે; અને કેવી કેવી શક્તિઓ રૂપ ધારણ કરે છે. જાહેર છે કે સૂર્યની શક્તિનો હેતુ ફક્ત પ્રકાશ જ નથી; અને ન તો વીજળીઘરથી ફક્ત પ્રકાશનું કામ લેવામાં આવે છે, પરંતુ ભૌતિક શક્તિનાં આ બંને મૂળમાં અગણિત વસ્તુઓ અને અસંખ્ય શક્તિઓ સમાયેલી છે, જેને ફક્ત વૈજ્ઞાનિકો જ જાણે છે. પછી એ જ દૃષ્ટાંતની મદદથી તમે અક્કલ અને જાનના નૂર વિશે વિચારો; અને તેની વચ્ચે જે તફાવત છે તેને પણ નજર સમક્ષ રાખો, કે ભૌતિક નૂર અક્કલ અને જાનના ગુણથી અલગ અને દીન તથા જ્ઞાનના ખજાનાથી ખાલી છે; અને રૂહાની નૂર અક્કલ અને જાનના ઉચ્ચ ગુણોના એ ઊંચા મરતબા ઉપર છે કે ખુદાવંદ તઆલાએ તેને આ ધરતી ઉપર પોતાનો નાયબ–ખલીફા બનાવ્યો છે.

**અક્લી નૂર** : એ જાણવું ઘણું જ જરૂરી છે કે નૂરનો સૌથી ઊંચો દરજ્જો અક્લી સ્થિતિ–બુદ્ધિ (માનસિક)ની હાલતમાં છે, વચલો દરજ્જો રૂહાની સ્વરૂપમાં છે; અને સૌથી નીચલો દરજ્જો શારીરિક સ્વરૂપમાં છે. દરેક વસ્તુનાં અક્કલ, રૂહ અને મનુષ્ય શરીર એકબીજાથી જુદાં નથી. બીજા શબ્દોમાં આ વાતને એમ રજૂ કરીએ કે સાચા હાદી સલવાતુલ્લાહ અલૈહીના વ્યક્તિત્વનું નૂર જાહેર છે, તેની રૂહનું નૂર બાતિન છે; અને તેની અક્કલનું નૂર બાતિનથી પણ બાતિન છે. એનો અર્થ એ થયો કે અક્કલ (બુદ્ધિ)ના નૂરનો સમાવેશ રૂહાનિયતના છેલ્લા દરજ્જાઓમાં થાય છે; અને તે વધુ કરીને (લગભગ હમેશાં) રૂહાનિયતનાં ઉચ્ચ દૃષ્ટાંતો જેવા સ્વરૂપમાં સામે આવે છે. આમ તે પોતાના અસલ સ્વરૂપમાં દેખાનારી વસ્તુ નથી. આ જ કારણ છે

કે મેં તેને બાતિનથી પણ બાતિન ગણાવ્યો છે.

નૂરે હિદાયત પોતાના શરીરના આધારે (ઈલ્મુલ યકીન) વિશ્વાસ કરવા પાત્ર ઈલ્મનો પ્રકાશ ફેલાવે છે. રૂહના મારફત (ઐનુલ યકીન) વિશ્વાસની દૃષ્ટિ અથવા જોઈને વિશ્વાસ કરવાની સ્થિતિ મેળવી આપે છે; અને બુદ્ધિ–અક્કલની સહાય વડે (હક્કુલ યકીન) સત્ય વિશ્વાસ–હકીકી ઈમાનના પ્રકાશને ઓળખે છે. મોમિનો હિદાયતના આ ફાયદાઓ અને તેની બરકતો એ રીતે મેળવે છે કે જાહેરી અનુભવોની ઈન્દ્રિયો વડે સ્પર્શ કરવાથી (ઈલ્મુલ યકીન) વિશ્વાસ કરવા પાત્ર જ્ઞાનનો અનુભવ કરે છે. બાતિની ઈન્દ્રિયો (નજરે જોવાથી) ઐનુલ યકીન–ખાતરી કરીને જોવાનું; અને અક્કલ–બુદ્ધિના સમાવેશથી, તેની મદદ મારફત હક્કુલ યકીન–હકીકી ઈમાન મેળવે છે.

એક રીતે જોવામાં આવે તો કાએનાત–જગત ઉપર કુરસી કાયમ થયેલી છે; અને એ કુરસી ઉપર અર્શ–આકાશ રહેલું છે; અને બીજી રીતે એમ કહેવું પણ વાજબી છે કે અર્શ એટલે કે સર્વવ્યાપક અક્કલ–બુદ્ધિએ કુરસી એટલે સર્વવ્યાપક જીવને ઘેરી રાખ્યો છે; અને કુરસીમાં કાએનાત મર્યાદિત છે એટલે કે સમાયેલી છે. આનો અર્થ એમ થયો કે અક્લી નૂરે રૂહાની નૂરને પોતાના જ્ઞાન–ઈલ્મના ઘેરામાં લઈ લીધું છે; અને રૂહાની નૂર પૂર્ણ શરીર ઉપર છવાયેલું છે. આ ખુલાસાથી એ હકીકત સ્પષ્ટ થઈને સામે આવે છે કે અક્કલ–બુદ્ધિનું નૂર ખુદા તઆલાની બાદશાહીનું તખ્ત (સિંહાસન) છે, જેની ઉપર પાક–પવિત્ર અને મહાન ખુદાની સાચી એક્તા અને સંપૂર્ણ મા'રફત કાયમ છે. આમ અક્લી નૂરનો મરતબો સમજાય છે.

કહે છે કે આ બ્રહ્માંડ જગત એક મહાન માનવીના જેવું છે

કે જેને આત્મા પણ છે અને બુદ્ધિ પણ. અર્થાત નફસે કુલ્લી અને અક્લે કુલ્લી; અને આપણે પણ એ જ કહીએ છીએ કે સંપૂર્ણ માનવી એ અર્થમાં સંપૂર્ણ અને સર્વ વાત જાણનાર કહેવાય છે કે તેની મહાન અક્કલનું નામ અક્લે કુલ્લી છે. તેના મહાન આત્માને નફસે કુલ્લી કહે છે. જિસ્મે કુલ્લીનો હેતુ છે તેનું સુંદર શરીર કે જે પૂરા બ્રહ્માંડ ઉપર ભારી છે અને છવાયેલું છે; અને એ જ હાદીએ બરહક અક્લે કુલ્લ પણ છે અને નફસે કુલ્લ પણ; અર્શ–આકાશ માણ છે અને કુરસી પણ. જેમ કે મૌલાના રૂમનું કહેવું છે––

"અક્લે કુલ્લ વ નફસે કુલ્લ મરદે  ખુદ અસ્ત,
અર્શ વ કુરસી રા મદાન કુઝવી ખુદ અસ્ત."

તરજુમો : સંપૂર્ણ માનવી (ઇમામે ઝમાન) પોતે જ એકી સમયે અક્લે કુલ્લી પણ છે અને નફસે કુલ્લી પણ; અને અર્શ તથા કુરસીના વિશે પણ એમ ન સમજજો કે તેઓ તેનાથી જુદા છે. અર્થાત તેમની અક્કલ અર્શે ઇલાહી પણ છે અને અક્લે કુલ્લ પણ; અને તેમની રૂહ કુરસી પણ છે અને નફસે કુલ્લી પણ.

અક્કલના નૂરનું જાહેરી સ્વરૂપ : કેમકે અક્લી નૂર એક એવું સત્ય છે કે જે અદૃશ્ય અર્થાત દેખાવમાં આવે–જોઇ શકાય એવી વસ્તુ નથી; માટે પ્રથમ સ્થાન ઉપર તેનું જાહેરી સ્વરૂપ રૂહ છે; અને બીજા સ્થાન ઉપર વ્યક્તિત્વ છે. જેમ કે અમો આથી આગળ જણાવી ચૂક્યા છીએ કે જો વ્યક્તિત્વનું નૂર જાહેર છે, તો રૂહાનિયતનું નૂર બાતિન છે; અને અક્કલનું નૂર બાતિનથી પણ બાતિન છે. જેનો અહીં એમ ખુલાસો કરીએ કે અક્કલનું નૂર જોકે પોતે નજરે નથી પડતું; અને ફક્ત મગજ–વિચાર અને ફિકરમાં જ તેના ફાયદાઓનો સમાવેશ થઇ

શકે છે, પરંતુ તેની સાથે સાથે તે રૂહાનિયતનાં અલગ અલગ દૃષ્ટાંતો જેવાં સ્વરૂપોમાં પણ આવી શકે છે; અને એવી સ્થિતિમાં બાતિની ઈન્દ્રિયો વડે અક્કલનું એ રૂહાની રીતે જાહેર થવું અને તેનો ફાયદો પ્રાપ્ત થઇ શકે છે. અક્કલના નૂરનું જાહેર થવું ન ફક્ત રૂહાનિયતના જાહેરી સ્વરૂપથી જ હોઇ શકે છે, પરંતુ તે વ્યક્તિત્વના જાહેર થવાના વસીલાથી પણ જાહેર થાય છે, જેના પ્રકાશથી ઈમાનવાળાઓ જાહેરી અનુભવ કરનાર ઈન્દ્રિયો વડે તેનો અનુભવ કરે છે અને ફાયદો મેળવી શકે છે; અને દુનિયામાં જો અક્કલના નૂરનું આમ જાહેર થવાનું ન હોત, તો દુનિયાવાળા દરેકે દરેક ગુમરાહ થઇ જાત–ભટકી જાત.

**નૂરની અસલ સ્થિતિ :** નૂરનું અસલ ઉદ્દ્ભવસથાન અક્કલ છે; અને અક્કલની રોશની હમેશાં ઈલ્મ–જ્ઞાનના સ્વરૂપે નીકળતી રહે છે; અને સ્પષ્ટ છે કે આ નૂર અજ્ઞાનતા અને નાદાનીના અંધકારને દૂર કરવા માટે નિયુક્ત છે, માટે અક્કલ–બુદ્ધિનું નૂર એક એવા મોતી સમાન છે, જેનાથી દરેક સમયે જ્ઞાન અને હિકમતનો પ્રકાશ ફેલાતો રહે છે, જેમ કે સૂર્ય કે જે કાએનાતમાં નિરંતર જીવન–પ્રકાશ આપતો રહે છે, પરંતુ અક્કલના નૂરનો પ્રકાશ કે જે ઈલ્મ–જ્ઞાનની સ્થિતિમાં છે તે કેમકે ભૌતિક નથી, તેથી તે નજરે નથી પડતો; અને ન તો અજ્ઞાનતા અને અજાણપણું કોઇ એવી વસ્તુ છે કે જે જાહેરી આંખોથી જોઇ શકાય. તો એ જ કારણ છે કે ભૌતિકતા (જાહેરી બાબત)માં માનનારા લોકો દુનિયાના પ્રકાશ અને અંધકારને તો બહુ સારી રીતે સમજે છે, પરંતુ દીન–મઝહબના જગતની રોશની અને અંધકાર વચ્ચેનો ફરક અને તફાવત નથી મેળવી શકતા.

અક્કલનું નૂર અથવા અક્કલનો પ્રકાશ એક તરફથી તો જ્ઞાન

છે, તો બીજી તરફથી તે હિદાયત–માર્ગદર્શન. એ બંને, કોઇ કામના પરિણામ રૂપે જોતાં એક જ વસ્તુ છે. અર્થાત આ બંને વસ્તુઓનો મતલબ અને હેતુ એક જ છે, એ માટે કે કોઇ વસ્તુ વિશે જાણવાને જ્ઞાન કહે છે; અને હકીકતમાં જ્ઞાનનો હેતુ–અસલ ખુદા છે; અને હિદાયતનો અર્થ છે સીધા રસ્તા ઉપર ચાલીને ધ્યેય–મંઝિલ ઉપર પહોંચી જવું; અને મંઝિલ ધ્યેય છે. એ જ રીતે વિશ્વાસ અને મા'રફત પણ અક્કલના નૂરનો પ્રકાશ છે કે જેના થકી શંકા–કુશંકા અને અવિશ્વાસનું દુઃખ અને અંધકાર દૂર થઇ જાય છે; અને હકીકી વિશ્વાસ (હક્કુલ યકીન)ના દરજ્જા ઉપર ખુદાની ઓળખ–મા'રફતે ઇલાહી સંપૂર્ણ થઇ જાય છે.

જ્યારે એ સત્ય સ્પષ્ટ થયું કે અક્લી નૂર જ્ઞાન–હિકમત, હિદાયત, વિશ્વાસ અને મા'રફતના સ્વરૂપમાં હોય છે, તો એ પણ જાણવું જરૂરી છે કે તે વહી અને પ્રેરણા પણ છે અને તે મદદ અને આશીર્વાદ પણ છે, કેમકે એવા દરેક અર્થો જ્ઞાનના અર્થમાં એક થઇ જાય છે; અને એ સઘળા શબ્દો અને અર્થોની મૂળભૂત અને છેવટની હકીકત એક જ છે.

□ ✱ □